જાહેરાત, પ્રેસનોટ તેમજ અખબાર મેળવવા માટે સંપર્ક કરો

સમગ્ર ગુજરાતમાં પત્રકારો તેમજ પ્રેસ પ્રતિનિધિઓ નિમવાના છે.

સુરત :- ૧૬૧, શિવઓમનગર, મેરૂ લક્ષ્મી મંદિર રોડ, તાડવાડી, રાંદેર

મો. ૭૫૭૪૮ ૮૮૮૬૧

REVOLUATION-E-GUJARAT

ગુજરાતભરમાં ફેલાવો ધરાવતું ભરૂચથી પ્રસિદ્ધ થતું એકમાત્ર અખબાર

જંગ-એ-ગુજરાત

સાપ્તાહિક અખબાર

E-PAPER

● તંત્રી : ધનંજય ઝવેરી ● બ્યૂરો ચીફ : રવિ પટેલ

વિ. સં. ૨૦૭૫ । મંગળવાર । તા. ૧૯-૩-૨૦૧૯ । વર્ષ : ૧૫ । પાના : ૧૬ । છૂટક નકલ : ૩ રૂ. । વાર્ષિક લવાજમ : ૨૫૧ રૂ.

માલિક-મુદ્રક-પ્રકાશક-તંત્રી : ધનંજય ઉમેશચંદ્ર ઝવેરીએ Maruti Printers, 13, Pritam Soc.-1, Nr. Kasak Fuwara, Bharuch ખાતે છપાવી જંગ-એ-ગુજરાત કાર્યાલય - ૧૩, પ્રિતમનગર સોસાયટી-૧, કસક, ભરૂચ-૨ ખાતેથી પ્રસિદ્ધ કર્યું. Registered under R.N.I. NO. GUJGUJ/2004/15636 Permitted to Post at BHARUCH RMS on Date 10, 17, 24, 31 Every Month Under Postal Registration No. : L1/BCH-57/16-18, Valid up to 31-12-2018, Mob. : 99047 33000, 75750 06850, E-mail : jung_e_gujarat@yahoo.com (ન્યાયક્ષેત્ર ભરૂચ કોર્ટને આધિન)

કોંગ્રેસ મહામંત્રી પ્રિયંકા ગાંધીએ પ્રયાગરાજથી ચૂંટણી અભિયાનનું રણશિંગું ફૂંક્યુ

ચોકીદાર માત્ર અમીરોના, ભાજપ ભ્રામક પ્રચાર કરે છે: પ્રિયંકા ગાંધી

'વોટ' માટે 'બોટ' યાત્રા,વારાણસી સુધી કરશે ૧૪૦ કિલોમીટરની બોટ યાત્રા,રસ્તામાં આવનારા ગામોની મુલાકાત કરશે,મિર્જાપુરમાં જનસભા સંબોધશે

પ્રયાગરાજ

કોંગ્રેસના મહામંત્રી પ્રિયંકા ગાંધી વાડરાએ આજે ઉત્તર પ્રદેશમાં લોકસભાની ચૂંટણી માટે પ્રચાર અભિયાન શરૂ કરી દીધું છે. પ્રિયંકા ગાંધીએ પ્રયાગરાજથી ચૂંટણી અભિયાનનું રણશિંગું ફૂંકયું હતું. પ્રચાર અભિયાન શરૂ કરતાં પહેલાં પ્રયાગરાજમાં સંગમ તટ પર પ્રિયંકા ગાંધીએ ગંગા પૂજન કર્યું હતું અને સાથે જ તેમણે ગંગા આચમન પણ કર્યું હતું. સંપૂર્ણ વિધિ વિધાન સાથે પૂજન અર્ચન કર્યા બાદ પ્રિયંકાએ ગંગાજીની આરતી પણ ઉતારી હતી.

કોંગ્રેસના અગ્રણી નેતાઓની હાજરીમાં પ્રયાગરાજથી બોટયાત્રા શરૂ કરતાં પહેલાં પ્રિયંકાએ શરૂઆતમાં સૂતેલા હનુમાન મંદિરમાં પૂજા કરી હતી. મંદિરમાં દર્શન દરમિયાન પ્રિયંકાએ જણાવ્યું હતું કે મેં મારા માટે કંઈ જ માગ્યું નથી. હું મંદિરમાં રાજકારણની વાતો નહી કરૂ. દેશની પ્રગતિ અને શાંતિ થાય તે માટે મેં પ્રાર્થના કરી છે. ત્યાર બાદ પ્રિયંકા ગાંધી ગંગા પૂજન માટે સંગમ જવા રવાના થયાં હતાં.





ભાજપ સત્તામાં આવીને બધાંને પરેશાન કરે છે, સમજી વિચારીને વોટ કરજો,ભાજપના શાસનકાળમાં નક્કી કરેલા ઉદ્યોગપતિઓનું દેવુ જ માફ

પ્રિયંકા ગાંધી પ્રયાગરાજથી ગંગા નદીમાં બોટ યાત્રા કરીને વડા પ્રધાન નરેન્દ્ર મોદીના મતક્ષેત્ર વારાણસી જવા રવાના થયાં હતાં. પ્રિયંકાની બોટ પ્રચાર યાત્રા ૧૪૦ કિ.મી.ની હશે. આ યાત્રા દરમિયાન પ્રિયંકા ગાંધી પીએમ મોદીને સીધો જવાબ આપશે. યાત્રા દરમિયાન પ્રિયંકા ગાંધી વિવિધ મંદિરનાં દર્શન પણ કરશે.

ગ્રામ્ય વિસ્તારના લોકો સાથે પ્રિયંકાએ મુલાકાત કરી હતી. આ દરમિયાન કેન્દ્ર સરકાર પર પ્રહાર કરતા તેમણે કહ્યું કે, ભાજપ સત્તાને હાથમાં રાખીને જનતાને પરેશાન કરી રહ્યું છે. લોકતંત્રનો અર્થ જનતાનો અવાજ સાંભળવાનો છે. આજે કોઈ જનતાની વાત સાંભળવા તૈયાર નથી. જનતા તેની માગ સરકાર સામે મુકે તો તેની પર લાઠી ચાર્જ કરાઈ રહ્યો છે.

પ્રિયંકાએ ગ્રામીણોને કહ્યું કે, તમે પહેલા વિચારો , સમજો અને પછી જ તમારો વોટ આપો. કોંગ્રસની સરકારમાં તમને મનરેગા મળી. જે રાજ્યોમાં સરકાર આવી ત્યાંના ખેડૂતોનું દેવુ માફ કરાયું. જ્યારે ભાજપના શાસનકાળમાં નક્કી કરાયેલા ઉદ્યોગપતિઓનું જ દેવુ માફ કરવામાં આવ્યુ.

દેશમાં મહિલાની સુરક્ષા અને ખેડુતોનું દેવું માફ કરવામાં સરકાર નિષ્ફળ ગઈ છે. તેમણે ભાજપ પર વ્યંગ કરતાં કહ્યું હતું કે ચોકીદાર માત્ર અમીરોના જ હોય છે.ભાજપ ચોકીદારના નામે ભ્રામક પ્રચાર કરી રહી છે. દેશમાં અનેક યુવક બેરોજગાર છે.

દોઢ વર્ષની અંદર પ્રિયંકાનો પ્રયાગરાજ ખાતેનો આ બીજો પ્રવાસ છે. આ પહેલા તેઓ ૨૧ નવેમ્બર ૨૦૧૬ના રોજ પ્રયાગરાજ આવી ચુક્યા છે. ત્યારે સોનિયા સાથે રાહુલ ગાંધી આવ્યા હતા.

મુખ્યમંત્રીના અંતિમ વિદાયમાં નેતાઓથી લઈ માનવમહેરામણ ઉમટ્યુ હતુ,પુત્રએ આપી મુખાગ્નિ

સાદગીના પ્રણેતા મનોહર પર્રિકર પંચમહાભૂતમાં વિલીન

પણજી

સામાન્ય માણસના સીએમ તરીકે જાણીતા બનેલા ગોવાના દિવંગત મુખ્યપ્રધાન મનોહર પર્રિકરને સંપૂર્ણ રાજકીય સન્માન સાથે અંતિમ વિદાઇ આપવામાં આવી હતી. ગોવાની રાજધાની પણજીના SAG ગ્રાઉન્ડ ખાતે પર્રિકરના અંતિમ સંસ્કાર કરવામાં આવ્યા હતા. મનોહર પર્રિકરની અંતિમ વિદાયમાં માનવ મહેરામણ ઉમટ્યુંહતું. જ્યાંતેમના પુત્રએતેમને મુખાગ્નિ આપી હતી. આ નિમિતે સામાન્ય જનતા અને રાજનેતાઓ પણ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. સૌ પ્રથમ તેમનો પાર્થિવ દેહ સવારે ભારતીય જનતા પાર્ટીના કાર્યાલય લઈ જવાયો હતો. દરમિયાન વડાપ્રધાન નરેન્દ્ર મોદી પર્રિકરને શ્રદ્ધાંજલિ આપવા માટે પણજી પહોંચી ગયા હતા. નરેન્દ્ર મોદીએ પર્રિકરના અંતિમ દર્શન કરીને તેમને શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી. તેમની સાથે સંરક્ષણ મંત્રી નિર્મલા સીતારમણને પણ શ્રદ્ધાંજલિ અર્પી હતી. કેન્દ્રીય કેબિનેટમાં મનોહર પર્રિકરના નિધન પર શોક પ્રસ્તાવ પાસ કરવામાં આવ્યો હતો. કેબિનેટ બેઠક દરમિયાન બે મિનિટનું મૌન પણ ધારણ કરવામાં આવ્યુંહતું. મુખ્યમંત્રી મનોહર પર્રિકરના અંતિમ દર્શન કરવા માટે પણજીના રસ્તાઓ પર જાણે માનવ મહેરામણ ઉમટ્યો હતો. ભાજપ અધ્યક્ષ અમિત શાહ અને મહારાષ્ટ્રના સીએમ દેવેન્દ્ર ફડણવીસ સહિત અન્ય નેતાઓ પણ પર્રિકરને અંતિમ વિદાઈમાં હાજરી આપવા પહોંચ્યા હતા.





વડાપ્રધાન મોદી,સીતારમન,અમિત શાહ,ફડણવીસ સહિતના દિગ્ગજ નેતાઓએ મુખ્યમંત્રીને શ્રદ્ધાંજલિ અર્પી - પણજીના એસએજી ગ્રાઉન્ડ ખાતે પર્રિકરના અંતિમ સંસ્કાર કરવામાં આવ્યા,અંતિમ યાત્રામાં ગુંજ્યા ભારત માતા કી જય ના નારા

મારા કહેવાથી જ એરસ્ટ્રાઈક કરાઈ: પવારનો દાવો

મુંબઇ

પુલવામા હુમલામાં ૪૦ જવાનો શહીદ થયા તે બાદ ભારતે વળતો પ્રહાર કરતા પાકિસ્તાનના બાલાકોટમાં એર સ્ટ્રાઈક કરી આતંકવાદી અડ્ડાઓને ધ્વસ્ત કર્યા હતા ત્યારે આ અંગેની સલાહ પોતે આપી હોવાનું એનસીપી ચીફ અને ભૂતપૂર્વ સંરક્ષણ પ્રધાન શરદ પવારે જણાવ્યું હતું. શિરુર ખાતે સ્થાનિક લોકસભા ઉમેદવાર અમોલ કોલ્હે માટે પ્રચાર કરતા પવાર બોલ્યા હતા કે હુમલા બાદ સર્વપક્ષીય બેઠક બોલાવવામાં આવી હતી અને સંરક્ષણ પ્રધાન તરીકે મને શું કરવું તેમ પૂછવામાં આવ્યું હતું ત્યારે મેં લશ્કરને છૂટ્ટો દોર આપવાની અને ત્રાસવાદી અડ્ડાઓ ધ્વસ્ત કરવાની સલાહ આપી હતી. એર સ્ટ્રાઈકનો શ્રેય ભાજપ લેતો હોય તેવી દલીલ વારંવાર કરવામાં આવે છે ત્યારે પવારે આ ચોંકાવનારી વાત કરી હતી.

૭ સીટો છોડ્યાનો ભ્રમ ના ફેલાવો, કોંગ્રેસ સાથે કોઈ જ ગઠબંધન નહીં: માયાવતી

લખનૌ

બસપા સુપ્રીમો માયાવતીએ કોંગ્રેસ પર આકરા પ્રહાર કર્યા છે. માયાવતીએ કહ્યું કે કોંગ્રેસ ભ્રમ ના ફેલાવે. અમારું કોંગ્રેસ સાથે કોઇ જ ગઠબંધન નથી. અમે બીજેપી સાથે લડવામાં સક્ષમ છીએ. માયાવતીએ કહ્યું કે કોંગ્રેસ સાત સીટોને છોડવાનો ભ્રમ ના ફેલાવે. આ સાથે જ કાર્યકર્તાઓને કહ્યું કે, કોંગ્રેસનાં ફેલાવેલ ભ્રમમાં ના આવો. માયાવતીએ ટ્વિટર પર લખ્યું કે, કોંગ્રેસ ૮૦ સીટો પર ચૂંટણી લડે.

માયાવતીએ લખ્યું કે, બીએસપી એક વાર ફરીથી સ્પષ્ટ કરી દેવા માંગે છે કે ઉત્તર પ્રદેશ સહિત પૂરા દેશમાં કોંગ્રેસ પાર્ટી સાથે અમારે કોઇ પણ પ્રકારનાં તાલમેલ અને ગઠબંધન આદિ બિલકુલ પણ નથી. અમારા લોકો કોંગ્રેસ પાર્ટી દ્વારા ફેલાવવામાં આવી રહેલ કિસ્મ-કિસ્મનાં ભ્રમમાં ક્યારેય ના આવે. કોંગ્રેસ યૂપીમાં પણ સંપૂર્ણ રીતે સ્વતંત્ર છે કે તે અહીંની તમામ ૮૦ સીટો પર પોતાનાં ઉમેદવારને ઉતારીને એકલાં ચૂંટણી લડે. અર્થાત્ અમારું બનેલું આ નવું ગઠબંધન એકલાં જ બીજેપીને પરાજિત કરવામાં સંપૂર્ણ રીતે સક્ષમ છે. કોંગ્રેસ જબરદસ્તીથી યૂપીમાં ગઠબંધનને માટે ૭ સીટો છોડવાની ભ્રાન્તિ ના ફેલાવે.









હળવદ ઈશ્વરનગર ગામે નાઈટ ક્રિકેટ ટુર્નામેન્ટ ફાઈનલ જંગમાં સેફોરનલાઈન ચેમ્પિયન



હળવદ ઈશ્વરનગર ગામે ગૌશાળાના લાભાર્થે નાઈટ ક્રિકેટ ટેનીસ ટુર્નામેન્ટ ફાઈનલ જંગ ખેલાયો જેમાં પહેલા ટોસ ઉછાળવામાં આવ્યો હતો ઉમિયા ઈલેવન હળવદ ટોસ જીતી પહેલા બેટિંગ કરવાનો નિર્ણય કર્યો અને ૧૬ ઓવર માં ૧૨૨ રન બનાવ્યા.સેફોનલાઈન ઈલેવન ઈશ્વરનગરને જીતવા માટે ૧૨૩ રાનનો ટાર્ગેટ આપ્યો બીજા દાવમાં સેફોન લાઈન ઈલેવન ૧૨૩ રનનો ટાર્ગેટ ૧૫ ઓવર માં પૂરો કરી, ટુર્નામેન્ટ ફાઈનલ ચેમ્પિયન બની હતી, આ ટુર્નામેન્ટમાં મેન ઓફ ધ મેચ ,મેન ઓફ ધ સીરીઝ તથા ફાઈનલ ની બંને ટીમના ખેલાડીઓને મેડલ થી સન્માનિત કરવામાં આવ્યા. તથા મેન ઓફ ધ સિરીઝ વિરેંદ્રસિંહ વાઘેલા ને આપવામાં આવ્યો હતો. આ નાઈટ ક્રિકેટ ટુર્નામેન્ટમાં ચેમ્પિયન ટીમ તથા રનર્સઅપ ટીમને ટોફી તેમજ યોગ્ય રોકડ પુરસ્કાર આપવામાં આવ્યુ હતુ આ નાઈટ ક્રિકેટ ટુર્નામેન્ટમાં હળવદ થી નગરપાલિકા ઉપપ્રમુખ જયેશભાઈ પટેલ, શ્રીરામ ગૌશાળા ભાવેશભાઈ ઠક્કર મયુર ભાઈ રાવલ કોમેન્ટ્રર દીનેશ મકવાણા ખાસ ઉપસ્થિત રહાયા હતા, ક્રિકેટ રસિયાઓ મોટી સંખ્યામાં જોવા માટે ઉમટી પડ્યા હતા આ ક્રિકેટ ટુર્નામેન્ટનું આયોજન શૈલેષભાઈ પટેલ સરપંચ અશ્વિનભાઈ પટેલ દિનેશભાઈ પટેલ હર્ષદ મહારાજ અને સમસ્ત ગામ લોકોનો સાથ સહકાર થી આ ટુર્નામેન્ટને સફળ બનાવવામાં ગામ લોકોએ ભારે જહેમત ઉઠાવી હતી આ ટુર્નામેન્ટનું સંચાલન રાજેશ પટેલ દ્વારા કરવામાં આવ્યું.

મોરબી રોકડિયા હનુમાન નજીક ટ્રેનના એન્જીન હડફેટે મહિલાનું મોત

અકસ્માત કે આપઘાત પોલીસે તપાસ ચલાવી

મોરબીના નવલખી રોડ પરથી પસાર થતા રેલવેના એન્જીનની ઠોકરે આધેડ વયની મુસ્લિમ મહિલાનું મોત નીપજયું છે તાલુકા પોલીસે અકસ્માતના બનાવની નોંધ કરી વધુ તપાસ આદરી છે

બનાવની મળતી માહિતી મુજબ મોરબીના નવલખી રોડ પર રોકડિયા હનુમાન મંદિર નજીકથી પસાર થતા રેલ્વે ટ્રેક પરથી પસાર થતા રેલ્વે એન્જીનની ઠોકરે મહિલાનું મોત થયું હતું બનાવની જાણ થતા તાલુકા પોલીસની ટીમ દોડી ગઈ હતી મૃતક મહિલા જેતુનબેન અનવરભાઈ પલેજા (ઉ.વ.૪૫) રહે ભગવતીપરા વાવડી રોડ મોરબી વાળા હોવાનું જાણવા મળ્યું છે જોકે મહિલાનું મોત અકસ્માત થયું કે પછી ટ્રેન એન્જીન સામે કુદી તેને આપઘાત કર્યો તે સ્પષ્ટ થયું નથી પોલીસે અકસ્માત મૃત્યુના બનાવની નોંધ કરી મહિલાએ આપઘાત કર્યો છે કે અકસ્માત તે દિશામાં વધુ તપાસ ચલાવી છે.

મોરબીમાં તળાવમાં ન્હાવા પડેલ યુવાનનું ડૂબી જતા મોત

મોરબીના ધુંટુ ગામના પાદર નજીક આવેલ તળાવમાં ન્હાવા પડેલા યુવાનનું ડૂબી જતા મૃત્યુ નીપજયું હતું.બનાવ અંગે મોરબી તાલુકા પોલીસે નોંધ કરી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

મોરબીના ધૂટું ગામના પાદરમાં આવેલ તળાવમાં રવિવારે બપોરના સુમારે ન્હાવા ગયેલા ચંદુભાઈ નાજાભાઈ ચાવડા (ઉ.વ.૧૮) રહે ધૂટું તા. મોરબી વાળો યુવાનનું તળાવમાં ડૂબી જતા મોત નીપજયું છે પોલીસે અકસ્માત મૃત્યુના બનાવની નોંધ કરી વધુ તપાસ હાથ ધરી છે

મોરબી : નવા બસ સ્ટેન્ડ નજીક નોટનંબરી જુગાર રમતા બે ઝડપાયા



મોરબી સીટી એ ડીવીઝન પોલીસે નાઈટ પેટ્રોલિંગ દરમિયાન નોટ નંબરી જુગાર રમતા બે ઈસમોને ઝડપી લીધા છે

મોરબી જીલ્લા પોલીસવડા ડો કરનરાજ વાઘેલા અને ડીવાયએસપી બન્નો જોશીના માર્ગદર્શન હેઠળ એ ડીવીઝન પીઆઈ આર જે ચૌધરી, એમ આર ગામેતી, રસિકભાઈ કડીવાર, કિશોરભાઈ મિયાત્રા, શક્તિસિંહ ઝાલા, શેખાભાઈ મોરી, જયપાલભાઈ લાવડીયા સહિતની ટીમ હોળી ધુળેટીના પર્વ નિમિતે નાઈટ પેટ્રોલિંગ માં હોય દરમિયાન નવા બસ સ્ટેન્ડ સામે મનાલી હોટલ વાળી શેરીમાં હાર્દિક હરેશ જાકાસણીયા (ઉ.વ.૨૯) રહે મોરબી રવાપર રોડ અંજલિપાર્ક સોસાયટી અને કિશન ઉર્ફે જય વાસુદેવ આદ્રોજા (ઉ.વ.૨૦) મોરબી બોનીપાર્ક વાળાને ઝડપી રોકડ રકમ ૧૫,૭૦૦ જમ કરી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે

મોરબી ના વાંકાનેર માં ત્રણ સંતાનોના પિતા અને પ્રેમિકાનો જાત જલાવી

વાંકાનેરમાં આવેલા આરોગ્યનગરમાં શાપરની ત્યકતા યુવતી અને આરોગ્યનગરના પરીણીત યુવાનને સમાજ એક નહીં થવા દે તેવા ડરથી એસીડ પી અગ્નીસ્નાન કરી લીધું હતું.જે બનાવમાં ગંભીર રીતે ઘવાયેલા પ્રેમીપંખીડાને સારવાર માટે રાજકોટ ખસેડવામાં આવ્યા છે. આ બનાવ અંગે પોલીસે નોંધ કરી વધુ તપાસ હાથ ધરી છે.

મળતી વિગત મુજબા વાંકાનેરના આરોગ્યનગરમાં રહેતા આફતાબ રસુલભાઈ ખોખર (ઉ.વ.૩૦) અને શાપરમાં રહેતી હેતલબેન પ્રવિણભાઈ વાઘેલા (ઉ.વ.૨૮) નામની ત્યકતા યુવતીએ વાંકાનેરમાં અલ્ફતાબ ખોખરના ઘરે એસિડ પી પોતાના શરીરે કેરોસીન છાંટી જાત જલાવી હતી.આ બનાવમાં ગંભીર રીતે ઘવાયેલા બંને પ્રેમીપંખીડાને બેભાન હાલતમાં વાંકાનેર બાદ વધુ સારવાર માટે રાજકોટ સિવિલ હોસ્પીટલમાં ખસેડવામાં આવ્યા હતા.

બનાવની પ્રાથમિક પુછપરછમાં શાપરની હેતલ વાઘેલાના આઠેક વર્ષ પૂર્વે ધોરાજીમાં લગ્ન થયા હતા. હેતલ વાઘેલાએ લગ્નજીવન દરમિયાન સંતાનમાં એક પુત્ર અને એક પુત્રીને જન્મ આપ્યો હતો. છેલ્લા એકાદ વર્ષથી રીસામણે બેઠેલી હેતલ વાઘેલાના ત્રણેક માસ પૂર્વે છુટાછેડા થયા હતા. આફતાબ ખોખર અને હેતલ વાઘેલા વચ્ચે પ્રેમસંબંધ બંધાયો હતો. હેતલ વાઘેલા પરીવારને કારખાને કામ કરવા જવાનું કહી વાંકાનેર પ્રેમી આફતાબ ખોખરના ઘરે પહોચી હતી. સમાજ એક નહીં થવા દે તેવા ડરથી બંનેએ આપઘાતનો પ્રયાસ કર્યો હોવાનું જાણવા મળ્યું છે. આફતાબ પણ ત્રણ સંતાનોનો પિતા હોવાનું જાણવા મળ્યું છે. વાંકાનેર પોલીસે નોંધ કરી વધુ તપાસ આદરી છે. વાંકાનેરમાં પ્રેમીપંખીડાએ પરીવાર એક નહી થવા દેવાની બીકે એસીડ પી અગ્નીસ્નાન કરી લીધું હતું.

યુવક પરીણીત અને ત્રણ સંતાનોનો પિતા હોવાનું જાણવા મળ્યું છે. જયારે ત્યકતાયુવતીને આગલા ઘરના એક છોકરો અને એક છોકરી છે. ત્યકતા યુવતીના બંને સંતાનો તેના દાદા-દાદી પાસે રહેતા હોવાનું જાણવા મળ્યું છે.બનાવ અંગે પોલીસે નોંધ કરી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

હળવદ ધાંગધ્રા ૬૪ વિધાનસભાની પેટા ચૂંટણી માટે કોંગ્રેસ દ્વારા લેવામાં આવી સેન્સ પ્રક્રિયા

હળવદ ધાંગધ્રા ૬૪ વિધાનસભા ની પેટા ચૂંટણી માટે કોંગ્રેસદ્વારા લેવામાં આવી સેન્સ ૨૮થી વધુ મુરતીયાઓ મેદાનમાં

હળવદ ધાગ્રાધાં ૬૪ વિધાનસભા ની ચુંટણી માટે ઉમેદવારી નક્કી કરવા રાજકીય પક્ષ દ્વારા સેન્સ પ્રક્રિયા લેવા માં આવી, ત્યારે હળવદ ધાંગધ્રા ૬૪ વિધાનસભાના કોંગ્રેસ ના ધારાસભ્ય પુરસોત્તમ સાબરીયા એ ધારાસભ્ય પદેથી રાજીનામું આપીને ભાજપમાં જોડાઈ ગયા હોઈ હાલ આ વિધાનસભા સીટ માટે પેટા ચૂંટણી થનાર છે. તે માટે કોંગ્રેસ દ્વારા આ સીટ ઉપર કયા ઉમેદવાર ને ટિકિટ આપીએ શકી જેથી તે ઉમેદવાર જીતી શકે. અને કયા ઉમેદવાર માટે કાર્યકર્તાઓની પસંદગી છે. તે બાબત ની જાણકારી લેવા માટે કોંગ્રેસ ના આગેવાનો અનેજિલ્લાના લોકસભાની બેઠકના પ્રભારીબળદેવ ભાઈ લુણી. ગુણવંતભાઈ મકવાણા તેમજ મનુભાઈ પટેલ સુરેન્દ્રનગર જિલ્લા કોંગ્રેસ પ્રમુખ તેમજ જિલ્લા પંચાયત ના પ્રમુખ માજી પ્રમુખ અન્ય આગેવાનો હાજર રહ્યા હતા. ધ્રાંગધ્રા તેમજ હળવદના કોંગ્રેસના આગેવાનો હાજર રહ્યા હતા.અને આ બેઠક ૨૮ થી વધુ દાવેદાર પણ હાજર રહ્યાં હતાં. અને પક્ષ દ્વારા જેની પસંદગી થાય તેને જીતાડવા માટે કામ કરવા તાકીદ કરવામાં આવી હતી. અને સુરેન્દ્રનગર લોકસભા નાએ ધ્રાંગધ્રા વિધાનસભા પણ કોંગ્રેસ જીતશે તેવો વિશ્વાસ વ્યક્ત કર્યો હતો.

દાવેદારો : ડો,કે,એમ,રાણા, હેમાંગભાઈ રાવલ ત્રિસાર પટેલ મનસુખભાઈ પટેલ ગીતાબેન પટેલ કિશોરભાઈ ચીખલીયા દિનેશ પટેલ ,કુલદીપ સિંહ ઝાલા,બકાભાઈ ત્રિવેદી દિનેશભાઈ પટેલ કાંતિલાલ બાવરવા મુકેશભાઈ ગામી, વગેરે હળવદ ધાગ્રાધાં મોરબી ના ૨૮ થી વધુ ઉમેદવારોએ પોતાની દાવેદારી નોંધાવી હતી.

ત્રણ જવાનો ઘાયલ,ભારતીય સેનાએ આપ્યો જડબાતોડ જવાબ

રાજૌરીમાં એલઓસી પર પાકિસ્તાને ફરી કર્યું સીઝ ફાયર, ૧ જવાન શહીદ

રાજૌરી

પાકિસ્તાની સેનાએ આજે સોમવારે વહેલી સવારે જમ્મુ કાશ્મીરના રાજોરી જિલ્લામાં સીઝફાયરનું ઉલ્લંઘન કર્યું હતું. પાકિસ્તાની સેના તરફથી LoC તરફથી ફાયરિંગ કરવામાં આવી રહી છે. અને મોર્ટાર પણ છોડવામાં આવી રહ્યા છે. પાકિસ્તાની સેના તરફથી થઇ રહેલી ફાયરિંગમાં સેનાનો એક જવાન શહીદ થયો છે. જ્યારે ત્રણ જવાનો ઘાયલ થયા છે. ભારતીય સેના પાકિસ્તાનને જડબાતોડ જવાબ આપી રહી છે.

ઉલ્લેખનીય છે કે પુલવામા ઉપર થયેલા આતંકવાદી હુમલા અને ભારતીય તરફથી જૈશના ઠેકાણાંઓને એર સ્ટ્રાઇક કરીને નષ્ટ કરવાની ઘટના બાદ પાકિસ્તાન અને ભારત વચ્ચેની સીમા ઉપર તણાવ વધી રહ્યું છે. આ પહેલા ભારતીય સેનાએ પાકિસ્તાનના સિઝ ફાયરને તોડવાની જવાબી કાર્યવાહીમાં મેંઢર સેક્ટર પાસે બલનોઇ સ્થિત પાકિસ્તાની પોસ્ટને ઉડાવી દીધી હતી. ભારતની આ જવાબી કાર્યવાહીમાં પાકિસ્તાનના અનેક સૈનિકો ઘાયલ થવાની ખબર છે.

આ પહેલા ગુરુવારે અનંતનાગમાં એક બંધૂકધારીએ નેશનલ કોન્ફ્રેંસના એક કાર્યકર્તાની ગોળી મારીને ખરાબ રીતે ઘાયલ કરી દીધો હતો. ત્યારબાદ આજ દિવસે ત્રાલમાં આવા જ પ્રકારની ઘટનામાં એક સમાન્ય નાગરિકની હત્યા કરવામાં આવી હતી.

બીજી તરફ બુધવારે પુલવામાના ડોગરીપોર વિસ્તારમાં એક સામાન્ય નાકરીના ઘરમાં એક બંધૂકધારી ઘુસી ગયો હતો. શકમંદોએ મંજૂર અહમદ ખાન નામના સામાન્ય નાગરીકનું અપહરણ કર્યું હતું. ત્યારબાદ તેની લાશ નજીકના ગોમમાંથી મળી હતી.

મી-ટૂમાં ફસાયેલા એમજે અકબરે હું પણ ચોકીદાર લખતા બોલિવૂડ અભિનેત્રી ભડકી



ન્યુ દિલ્હી

Twitter …h 'Main Bhi Chowkidar' હેશટેગ ટ્રેન્ડ થઈ રહ્યો છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી સહિત ભાજપના અગ્રણી નેતાઓએ ટ્વિટર પર પોતાનું નામ બદલી નાખ્યું છે. પોતાના નામની આગળ લગાવી દીધો છે- ચોકીદાર શબ્દ. આગામી લોકસભા ચૂંટણીની રણનીતિના ભાગ રૂપે આમ કરાઈ રહ્યું છે. ભાજપ દાવો કરી રહ્યું છે કે ચોકીદાર છે તો દેશ સુરક્ષિત છે. અને ટ્વિટર પર આ અભિયાન સાથે જોડાનાર એક નેતા એટલે એમ.જે.અકબર. જેમનું નામ વાદવિવાદોમાં ઘેરાયેલું રહેતું હોય છે. છેલ્લે એમ.જે.અકબરનું નામ ભારતમાં ચર્ચાના કેન્દ્ર સ્થાને રહેલી #Metoo મૂમેન્ટ સાથે જોડાયું હતું. એમ.જે.અકબરે પોતાનું નામ બદલ્યું અને 'ચોકીદાર' અભિયાન પર ટ્વિટ કર્યું, લખ્યું, "હું #MainBhiChowkidar અભિયાન સાથે જોડાઈને ગર્વ અનુભવી રહ્યો છું. દેશને પ્રેમ કરતી વ્યક્તિ હોવાના કારણે ભ્રષ્ટાચાર, ગંદકી, ગરીબી અને આતંકવાદને હરાવવા અને દેશને વધુસારો, મજબૂત અને સુરક્ષિત બનાવવામાં હું સંપૂર્ણપણે સહયોગ આપીશ. તેમના પર સતત આરોપો લાગતા રહ્યાં પરંતુ તે મૌન રહ્યા. ના આરોપો સ્વીકાર્યા, ના તો નકાર્યા. પોતાના પદ પરથી રાજીનામુ આપવાનું નૈતિક દબાણ હતું. પણ ના જાતે રાજીનામુ આપ્યું કે ના તો સરકારે મંત્રીમંડળમાંથી બરતરફ કર્યા. જે પ્રકારના આરોપો લાગી રહ્યા હતા, તે જોતાં પક્ષે તો કાર્યવાહી કરવી જ જોઈતી હતી. પરંતુ ભાજપ તરફથી કોઈ એક્શન ન લેવાયા. રેણુકા શહાણે એક એવું જ નામ છે. #Metoo અભિયાનની વાત હોય કે રાજનૈતિક પાર્ટીઓને જવાબ આપવાની વાત હોય. ત્યારે હવે #MainBhiChowkidarને લઈને પણ રેણુકાએ ટિપ્પણી કરી છે. એમ.જે.અકબરની ટ્વીટને રિટ્વીટ કરીને રેણુકાએ લખ્યું, "જો તમે ચોકીદાર છો તો કોઈ મહિલા સુરક્ષિત નથી.

મમતા બેનર્જી યુપીમાં આવી કથક અને કર્ણાટકના સીએમ ગીત ગાય તો તેમને કોણ સાંભળે?

પપ્પૂ બાદ હવે પપ્પી પણ આવી ગઈ: કેન્દ્રીયમંત્રી મહેશશર્માનું વિવાદિત નિવેદન



સિકંદરાબાદ

લોકસભા ચૂંટણીને ધ્યાનમાં રાખતા રાજકીય પક્ષોની વચ્ચે એકબીજા પર પ્રહારો ચાલુ છે. જ્યાં એક બાજુ 'ચોકીદાર ચોર હૈ' દ્રજ 'મેં ભી ચોકીદાર'ના નારા દ્વારા ભાજપ-કોંગ્રેસની વચ્ચે જંગ ચાલી રહ્યો છે. ત્યાં આ પ્રહારોની વચ્ચે કેન્દ્રીય મંત્રી મહેશ શર્મા એ કોંગ્રેસ મહાસચિવ અને પૂર્વી યુપીના પ્રભારી પ્રિયંકા ગાંધી પર વિવાદાસ્પદ ટિપ્પણી કરી છે. સિકંદરાબાદમાં આયોજીત એક જનસભામાં મહેશ શર્મા એ કહ્યું કે માયાવતી, અખિલેશ યાદવ, પપ્પૂ અને હવે તો પપ્પૂની પપ્પી (પ્રિયંકા ગાધી) પણ આવી ગઇ છે. પશ્ચિમ બંગાળના મુખ્ય પ્રધાન મમતા બેનર્જી યુપીમાં આવી કથક અને કર્ણાટકના સીએમ ગીત ગાય તો તેમને કોણ સાંભળે? તેમણે રાહુલ ગાંધી અને પ્રિયંકા ગાંધી અંગે પણ વિવાદિત ટિપ્પણી કરી હતી. સિકંદરાબાદમાં કેન્દ્રીય મંત્રી એ કહ્યું કે તે પપ્પૂ કહે છે હું પ્રધાનમંત્રી બનીશ.

કેજરીવાલે ટ્વિટર પર યુવાનની વાર્તા સંભળાવી મોદી પર નિશાન તાક્યું

મોદીજીને ૨૪ વર્ષની ઉંમરે વોટ આપ્યો હતો, ન નોકરી મળી ન લગ્ન થયા'



ન્યુ દિલ્હી

આમ આદમી પાર્ટી (AAP)ના રાષ્ટ્રીય સંયોજક અને દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે ટ્વિટર પર એક યુવાનની વાર્તા સંભળાવી પીએમ મોદી પર નિશાન સાધ્યુ છે. સોમવારે ટ્વીટ કરી કેજરીવાલ યુવાનની વાર્તા સંભળાવી હતી. કેજરીવાલે ટ્વિટર પર લખ્યું કે, '૨૯ વર્ષનો એક યુવાન મળ્યો. ૨૪ વર્ષની વયે, તેણે મોદીજીને વોટ આપ્યો હતો કારણ કે મોદીજીએ કહ્યું હતું નોકરી મળશે. તેમ છતાં તે આજે બેરોજગાર છે. ના નોકરી લાગી, ના લગ્ન થયા. એક વાર ફરી મોદીજીને વોટ આપવામાં આવશે તો આગામી સમય સુધી તે ૩૪નો થઈ જશે. ત્યાં સુધીમાં બહુ મોડું થઈ જશે. આ ભૂલ ફરીથી ન કરવામાં આવે.

લોકસભા ચૂંટણીને લઈને અરવિંદ કેજરીવાલ સતત ભાજપ અને કોંગ્રેસ પર શાબ્દિક પ્રહારો કરી રહ્યા છે. જોકે, ધ્યાન આપવાની બાબત એ છે કે અરવિંદ કેજરીવાલે કોંગ્રેસ સાથે ગઠબંધન માટે વિનંતી કરી હતી. પરંતુ કોંગ્રેસે આ ગઠબંધનથી ઈનકાર કર્યો હતો. સૂત્રોના જણાવ્યા અનુસારગઠબંધનને લઈને કોંગ્રેસ હજુ પણ વિચાર કરી રહી છે.

જો કે કેજરીવાલે આતંકવાદ પર વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નિર્ણયથી તેમની પ્રશંસા કરનાર કોંગ્રેસ નેતા શીલા દીક્ષિતના એક કથિત નિવેદનનો હવાલો આપતા કહ્યું કોંગ્રેસ અને ભાજપ વચ્ચો ચોક્કસ કંઇ ચાલી રહ્યું છે. આતંકવાદ પર પૂર્વ વડાપ્રધાન મનમોહન સિંહની સરખામણીએ વડાપ્રધાન મોદીના નિર્ણયને સક્ષ ગણાવનાર દીક્ષિતના નિવેદનનો હવાલો આપતા કેજરીવાલે કહ્યું કે શીલાજીનું આ નિવેદન ખરેખર આઘાતજનક છે. જોકે, દીક્ષિતે આ નિવેદનથી છેડો ફાડી કહ્યું કે સંબંધિત હતી મીડિયા રિપોર્ટમાં તેમની વાત અલગ રીતે રજૂ કરવામાં આવી છે. મીડિયા અહેવાલો અનુસાર, દીક્ષિતે એક ઈન્ટરવ્યૂમાં કહ્યું હતું કે "આતંકવાદ સામેની લડાઇમાં મનમોહનસિંહ એટલા કડક ન હતા જેટલા વર્તમાનના વડાપ્રધાન છે.

અમારું ગઠબંધન ભેળસેળવાળું છે તો એમનું વળી ક્યાં બહુ સારું છે?

લોકસભા ચૂંટણીમાં ભાજપનું ૭૪ બેઠકમાં કોકડું વળી જશેઃ અખિલેશ યાદવ

લખનઉ

સમાજવાદી પાર્ટીના અધ્યક્ષ અખિલેશ યાદવે દાવો કર્યો હતો કે લોકસભાની ચૂંટણીમાં આ વખતે ભારતીય જનતા પાર્ટીનું માત્ર ૭૪ બેઠકમાં જ કોકડુ વળી જશે. તેમણે સપા-બસપા ગઠબંધનને સર્વશ્રેષ્ઠ ગણાવ્યું હતું. જોકે, તેમણે માયાવતી વડાપ્રધાનપદ માટે યોગ્ય ગણાય કે નહીં તે અંગે જવાબ આપવાનું ટાળ્યું હતું. અખિલેશે કહ્યું કે, તેમણે નક્કી કરી રાખ્યું છે કે, શું કરવાનું છે.



ભૂતપૂર્વ મુખ્યમંત્રી અખિલેશ યાદવે પોતે આઝમગઢથી ચૂંટણી લડવાના છે તેવા સંકેત પણ આપ્યા હતા. તેમણે કહ્યું હતું કે આઝમગઢની જનતા કહેશે તો હું ત્યાંથી ચૂંટણી લડીશ. 'જનતા ઈચ્છે છે કે આગામી સરકાર અહીંની બને. દેશના વડાપ્રધાન કોઈ નવા બને અને એ પણ ઉત્તર પ્રદેશમાંથી જ બને તો સૌથી સારુ રહેશે.' તેમણે ભારતીય જનતા પાર્ટી પર નિશાન તાકતા કહ્યું હતું કે, 'અમે તો એક-બે પાર્ટીઓ સાથે ગઠબંધન કરીએ છે. ભાજપ જણાવે કે તેમનું ગઠબંધન કેટલી પાર્ટીઓ સાથે છે. જો અમારું ગઠબંધન ભેળસેળવાળું છે તો એમનું વળી ક્યાં બહું સારું છે?

અખિલેશે કહ્યું કે, ભાજપ સત્તા મેળવવા માટે કોઈ પણ હદ સુધી ખોટું બોલી શકે છે. પરંતુ આ વખતે સમગ્ર દેશમાંથી તે ફક્ત ૭૪ બેઠકોમાં સમેટાઈ જવાની છે. મુલાયમસિંહ દ્વારા નરેન્દ્ર મોદીને ફરી વખત વડાપ્રધાન બનાવની શુભેચ્છા આપવા પર સ્પષ્ટતા કરતા અખિલેશે કહ્યું કે, 'સંસદમાં નેતાજીએ જે કંઈ પણ કહ્યું તે શિષ્ટાચાર માટે કહ્યું હતું. ફ્લોર ઓફ ધી હાઉસ પર આવી વાતો થતી રહેતી હોય છે. અખિલેશે ઉમેર્યું હતું કે 'પ્રિયંકાની રાજકારણમાં થયેલી એન્ટ્રીથી ભાજપના સૂપડા સાફ થઈ જવાના છે.

જિલેટિન સ્ટીકના ૨૫૦ પેકેટ,એમોનિયમ નાઈટ્રેટની ૨૨૯ બેગ જપ્ત કરાઈ

પશ્ચિમ બંગાળમાં ફરી વખત વિસ્ફોટકોનો મોટો જથ્થો ઝડપાયો

કોલકાત્તા

લોકસભા ચૂંટણીની તારીખોની જાહેરાત બાદ પશ્ચિમ બંગાળમાં મોટી માત્રામાં વિસ્ફોટકો મળવાનો સિલસિલો જારી છે. સીઆઈડીએ રાજયના બાંકુડા જિલ્લાના બેલિયાટોરમાં એક ટ્રકમાંથી મોટી માત્રામાં વિસ્ફોટક સામગ્રી જપ્ત કરી.

પોલીસના એક વરિષ્ઠ અધિકારીના જણાવ્યા અનુસાર તેલંગાણાથી આવી રહેલી ટ્રકમાં જિલેટિન સ્ટીકના લગભગ ૨૫૦ પેકેટ અને એમોનિયમ નાઈટ્રેટની ૨૨૯ બેગ જપ્ત કરવામાં આવી છે. ટ્રક ડ્રાઈવરની ધરપકડ કરવામાં આવી છે. પોલીસના જણાવ્યા અનુસાર ટ્રક ડ્રાઈવરની પૂછપરછ ચાલી રહી છે અને એ ભાળ મેળવવાના પ્રયાસ થઈ રહ્યાં છે કે આ વિસ્ફોટક સામગ્રી જિલ્લામાં આવેલી પથ્થરોની ખાણ માટે લાવવામાં આવી છે કે અન્ય કોઈ હેતુ માટે.

અગાઉ ગયા અઠવાડિયે પણ પોલીસે બાંકુડા જિલ્લાના જ એક ગામમાં દરોડો પાડીને ભારે માત્રામાં વિસ્ફોટક સામગ્રી જપ્ત કરી હતી. એ સમયે અધિકારીઓએ જણાવ્યું હતું કે સલટોરા પોલીસ મથક ક્ષેત્ર અંતર્ગત આવેલા ગામમાં દરોડા દરમિયાન તેમના હાથમાં ૨૬૫૦ કિલોગ્રામ જિલેટિન સ્ટી, ૬૬૫૦ કિલોગ્રામ એમોનિયમ નાઈટ્રેટ અને ૫૨,૫૦૦ કિલોગ્રામ ઈલેક્ટ્રીક ડિટોનેટર જપ્ત કર્યા હતાં.

કોમ્પલેક્ષમાં ભીષણ આગ લાગતા અફરાતફરીનો માહોલ, ધુમાડાના ગોટેગોટા ઉડ્યા



સુરત

શહેરોમાં બની રહેલા આગના બનાવો વચ્ચે સુરતમાં વધુ એક આગનો બનાવ નોંધાયો છે. સુરતના વેડરોડ વિસ્તારમાં આવેલા મધુરમ પ્લાઝામાં બપોરે આગ લાગી હતી. ત્યારબાદ આગે વિકરાળ રૂપ ધારણ કરતા ધુમાડાના ગોટેગોટા આકાશમાં ચઢ્યા હતા.

સુરતના વેડરોડ વિસ્તારમાં આવેલા મધુરમ પ્લાઝામાં બનેલી ઘટનાને પગલે અફડાતફડીનો માહોલ સર્જાયો હતો. ત્યારબાદ ઘટનાની જાણ ફાયર બ્રિગેડને કરાતા ફાયરની ૩ ગાડીઓ ઘટના સ્થળે પહોંચીને આગને કાબૂમાં લીધી હતી. ફાયરના જવાનોએ ભારે જહેમત ઉઠાવ્યા બાદ આગ કાબૂમાં આવી હતી. ત્રણ માળની આ બ્લિડિંગ આગની લપેટમાં આવી ગઈ હતી.

આ વિશે મળતી માહિતી અનુસાર, સુરતના વેડરોડ વિસ્તારમાં આવેલા મધુરમ પ્લાઝામાં લાગેલી આગ ધીમે ધીમે વિકરાળ રૂપ ધારણ કરી રહી છે. સુત્રોના જણાવ્યા પ્રમાણે આગ ઉપર કાબુ લેવા માટે ફાયરબ્રિગેડની વધુ ગાડીઓ બોલાવવામાં આવી હતી. સદનસીબે આગના બનાવમાં કોઈ જાનહાનિના અહેવાલ મળ્યા નથી.

૫૦૦-૧૦૦૦ નોટોની જેમ બંધારણને પણ ખતમ કરી દેશે મોદી

મોદીજી દેશના નહીં માત્ર અમીરોના ચોકીદાર છે : રાહુલ ગાંધી

ક્લબુર્ગી

કોંગ્રેસ અધ્યક્ષ રાહુલ ગાંધીએ કહ્યુ છે કે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અને તેમનો પક્ષ દેશના બંધારણને ખતમ કરવા ઈચ્છે છે. સોમવારે કર્ણાટકના કલબુર્ગીમાં પરિવર્તન રેલીને સંબોધિત કરતા રાહુલ ગાંધીએ કહ્યુ કે પીએમ મોદીએ નોટબંધી કરીને ૫૦૦ અને ૧૦૦૦ રૂપિયાની નોટ ખતમ કરી દીધી એવી જ રીતે આ હિંદુસ્તાનના બંધારણને ખતમ કરવા ઈચ્છે છે.



રાહુલ ગાંધીએ અહીં કહ્યુ કે અમે કર્ણાટકમાં રોજગાર આપ્યો, આર્ટિકલ ૩૭૧થી તમને જબરદસ્ત ફાયદો થયો. નરેન્દ્ર મોદીએ શું આપ્યુ? હિંદુસ્તાનના ઈતિહાસમાં કોઈએ આ રીતે રોજગાર ખતમ નહોતો કર્યો જે રીતે મોદીએ કર્યો. ત્યારબાદ જીએસટીની માર પણ નબળા વર્ગ પર પડી પરંતુ અમે પાંચ ટેક્સવાળા ગબ્બરસિંહ ટેક્સને બદલી દઈશુ અને એક ટેક્સવાળો સરળ જીએસટી આપીશુ તથા ભવિષ્યમાં નાના દુકાનદારો, નાના વેપારીઓને નુકસાન નહિ થવા દઈએ.

રાહુલે કહ્યુ કે નરેન્દ્ર મોદીએ કહ્યુ હતુ કે બે કરોડ યુવાનોને રોજગાર આપીશુ, ૧૫ લાખ રૂપિયા અકાઉન્ટમાં આપીશુ પરંતુ ન આપ્યા. અમે ખેડૂતોને દેવામાફીનું વચન આપ્યુ હતુ, તેને કર્ણાટક, રાજસ્થાન, છત્તીસગઢમાં પૂરુ કરીને બતાવ્યુ, કહીએ છીએ તો કરીએ છીએ. હવે અમે નિર્ણય કર્યો છે કે અમે હિંદુસ્તાનના દરેક વ્યક્તિને ગેરેન્ટીથી લઘુત્તમ આવક આપવા જઈ રહ્યા છે. વડાપ્રધાન મોદી ચૂંટણી પહેલા કહેતા હતા કે મને વડાપ્રધાન નહી ચોકીદાર બનાવો પરંતુ સત્તામાં આવતા તેઓ અમીરોની ચોકીદારી કરવા લાગ્યા. એટલું જ નહી તેમણે સભા દરમિયાન 'ચોકીદાર ચોર હે' ના સૂત્રોચ્ચાર પણ કર્યા હતા.

રાજ ઠાકરેની પાર્ટી મનસે લોકસભા ચૂંટણી નહીં લડે

મુંબઈ

રાજ ઠાકરેનો પક્ષ મહારાષ્ટ્ર નવનિર્માણ સેના (મનસે) લોકસભાની ચૂંટણી નહીં લડે તેવી સત્તાવાર જાહેરાત પક્ષે કરી હતી. છેલ્લાં ઘણા સમયથી મનસે અંગે અટકળો ચાલી રહી છે. ઠાકરે એનસીપી ચીફ શરદ પવારની નજીક આવતા તેઓ એનસીપીમાં જોડાશે, તેવી અટકળોએ જોર પકડ્યું હતું. આ તમામ શક્યતાઓ પર પૂર્ણવિરામ મૂકવામાં આવ્યું હતું. રાજ ઠાકરે ૧૯મી માર્ચે જાહેરસભાને સંબોધવાના છે, તેમાં વધારે સ્પષ્ટતા કરવામાં આવશે. ઠાકરે બહાર રહી પવારને મદદ કરશે અને વડા પ્રધાન નરેન્દ્ર મોદી વિરુદ્ધ પ્રચાર કરશે, તેમ પણ માનવામાં આવે છે. ગત ૨૦૧૪ની લોકસભા અને વિધાનસભાની ચૂંટણીમાં ઠાકરેનો પક્ષ કંઈ ખાસ દેખાવ કરી શક્યો ન હતો.

મુંબઈ સહિતની મહાનગરપાલિકાઓની ચૂંટણીમાં પણ મનસેએ ખાસ જનાધાર મેળવ્યો ન હતો. ઠાકરેના એકમાત્ર વિધાનસભ્ય પણ તાજેતરમાં શિવસેનામાં જોડાયા હતા. મરાઠી માણૂસનો વિષય લઈ એક સમયે કિંગ મેકર માનવામાં આવતા ઠાકરેના પક્ષે સતત હારનો સામનો કરવો પડ્યો હતો. એનસીપી તેમને સાથે લેવા તૈયાર હતી, પરંતુ કોંગ્રેસે મનસેને લેવાની ધસીને ના પાડી હતી. અંતે મનસેએ ચૂંટણી ન લડવાનો નિર્ણય જાહેર કરી દીધો છે.

૨૧ વર્ષીય યુવાને સગીરા સાથે દુષ્કર્મ આચરતા ખળભળાટ

સુરત

સરથાણામાં યુવકે ૧૬ વર્ષિય કિશોરીનું અપહરણ કરીને તેને બેહોશ કરીને તેની પર બળાત્કાર ગુજાર્યો હતો.પોલીસે ગુનો દાખલ કરીને આરોપીને ભાવનગરથી ઝડપી પાડ્યો હોવાનું સુત્રોએ જણાવ્યું છે.

પોલીસ સુત્રોના જણાવ્યા અનુસાર સરથાણા વિસ્તારમાં રહેતી ૧૬ વર્ષિય રીમા(નામ બદલ્યું છે) સીમાડા વિસ્તારની સ્કુલમાં ધોરણ ૯માં અભ્યાસ કરે છે. તેની સ્કુલ પાસે આરોપી વિશાલ દુલા બેલડિયા(૨૧ વર્ષ, રહે. સત્યામ એપાર્ટમેન્ટ, મીની બજાર,વરાછા) આટાફેરા મારતો હતો. તેના કારણે રીમાની વિશાલ સાથે ઓળખાણ થઈ હતી. તેમની વચ્ચે દોસ્તી થઈ હતી. મે ૨૦૧૮માં વિશાલે રીમાને મળવા બોલાવીને તેનું અપહરણ કરીને અલગ-અલગ જગ્યાએ લઈ ગયો હતો. ત્યારે તેને કેફી પીણું પીવડાવીને તેની સાથે બળાત્કાર ગુજાર્યો હતો. રીમાએ આરોપી વિશાલ વિરૂદ્ધ સરથાણા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. પોલીસે આરોપીને ભાવનગર વિસ્તારમાંથી ઝડપી પાડ્યો હોવાની માહિતી મળી છે.

હું પણ ચોકીદાર છું કારણ ચોકીદાર તરીકે નિયુક્ત કર્યો હતો તે લાપતા છેઃ ચિદમ્બરમ્

મોદીજી, દરેક ભારતીય કહી રહ્યો છે કે 'ચોકીદાર ચોર હૈ': રાહુલ ગાંધીનું ટ્વિટ

ન્યુ દિલ્હી

કોંગ્રેસે ભાજપના 'મૈં ભી ચોકીદાર' અભિયાન પર નિશાન સાધ્યુ હતું અને પાર્ટીના અધ્યક્ષ રાહુલ ગાંધીએ એવો દાવો કર્યો હતો કે સત્યને બદલી શકાતું નથી અને દરેક લોકો કહી રહ્યા છે કે 'ચોકીદાર ચોર હૈ. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ શનિવારે ભાજપના આ ઝુંબેશની શરૂઆત કરી હતી અને ટ્વિટર હેન્ડલ પર 'ચોકીદાર' શબ્દ ઉમેર્યો હતો. કેન્દ્રીય મંત્રીઓ અને ભાજપના નેતાઓએ પણ આ શબ્દને પોતપોતાના હેન્ડલ પણ કર્યો હતો.

ત્યારબાદ નિશાન સાધતા રાહુલ ગાંધીએ ટ્વિટર પર લખ્યું કે, મોદીજી, તમે પ્રયાસ ચાલુ રાખી શકો છો, પરંતુ સત્યને દબાવી ન શકાય. દરેક ભારતીય કહી રહ્યું છે કે #Chowkidar ChorHai.ભાજપનું 'મૈં ભી ચોકીદાર' હેશટેગ સવારથી ટ્વિટર પર ચાલી રહ્યું હતું અને કોંગ્રેસે તેનો જવાબ 'ચોકીદાર ચોર હૈ' હેશટેગ દ્વારા આપ્યો હતો. કોંગ્રેસના વરિષ્ઠ નેતા અને ભૂતપૂર્વ નાણા મંત્રી પી. ચિદમ્બરમે ટ્વિટર પર જણાવ્યું હતુંકે, હુંપણ ચોકીદાર છુંકારણ કેજે વ્યક્તિને મેંચોકીદાર તરીકે નિયુક્ત કર્યોહતોતેલાપત્તા છે. તેમણે મોદીના અચ્છે દિનોના વચન પર કટાક્ષમાં કહ્યું કે, મને કહેવામાંઆવ્યુંછેકેતેઓઅચ્છે દિનોની શોધમાં છે.કોંગ્રેસના મુખ્ય પ્રવક્તા રણદીપ સુરજેવાલાએટ્વીટકરીનેલખ્યું હતું કે પહેલા ચોરી, પછી સીનાચોરી! પાંચ વર્ષ સુધી યુવાનોના રોજગારીની ચોરી, ખેડૂતોના પાકની ચોરી, દલિતોના અધિકારોની ચોરી, મહિલાઓની હિસ્સેદારીની ચોરી, વેપારીઓ પર નોટબંધી/જીએસટી દ્વારા ધંધાની ચોરી. કારણ કે, એક માત્ર ચોકીદાર ચોર છે.'

વાહનની ટક્કરથી ૪ વર્ષની દીપડીનું મોત નીપજ્યું

વલસાડ

વલસાડ નજીક અમદાવાદ-મુંબઈ નેશનલ હાઈવે પર વાહનની ટક્કરે દીપડીનું મોત થતા સમગ્ર વિસ્તારમાં ચકચાર મચી ગઈ છે. મોડી રાત્રે દીપડી હાઈવે ક્રોસ કરી રહ્યો હતો તે સમયે હાઈવે પરથી પૂરપાટ ઝડપે પસાર થયેલ અજાણ્યા વાહને દીપડીને ટક્કર મારતા દીપડીનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યુ હતું.

અતુલ હાઈવે ઉપર ફર્સ્ટ ગેઇટ પાસે રસના કોલ્હાની સામે સુરત તરફના લેન અને રવિવારે રાત્રે ૯.૪૫ વાગ્યાના સુમારે આવી પહોંચેલા આશરે ૪ વર્ષન વયની કદાવર દિપડીને કોઈક વાહનએ ટક્કર મારતા, દિપડીનું સ્થળ ઉપર જ મૃત્યુ થયું હતું. ઘટનાની જાણ થતાં વન વિભાગના સુભાષભાઈ અને તેમની ટીમ સ્થળ ઉપર દોડી જઈને દિપડીના મૃતદેહનો કબ્જો લઈ ચણવઈ સ્થિત વન વિભાગના ડેપો ઉપર લઈ ગયા હતા.

લાખો રૂપિયા ભરેલી બેગ પરત કરી સેલ્સમેને ઈમાનદારીની મિશાલ કાયમ કરી

સુરત

સુરતના ઉમરા વિસ્તારમાં રહેતા દિલીપ પોદ્દાર પાર્લેપોઈન્ટ ખાતે આવેલ કાપડના શો રૂમમાં સેલ્સમેન તરીકે કામ કરે છે અને પોતાના પરિવારનું ગુજરાન ચલાવે છે. ત્રણ દિવસ અગાઉ દિલીપ ઘરેથી પોતાના શોરૂમ પર જતો હતો. આ દરમિયાન તેને કચરાપેટીની બાજુમાથી એક થેલી નજરે પડી હતી. શરુઆતમા તેને એમ હતુ કે, થેલીમા મોબાઈલ હશે. જેથી તેને થેલી ઉચકી તેની તપાસ કરી હતી. તપાસ કરતા તે આશ્ચર્યમાં મૂકાયો હતો કારણ કે, થેલીમા મોબાઈલ નહિ પરંતુ રોકડા ૧૦ લાખ રૂપિયા હતાં.



દિલીપે રૂપિયા મળવાની પોતાના પાડોશીઓને કરી હતી . બાદમાં રસ્તા પરથી રૂપિયા દસ લાખ મળ્યા હોવાની વાત વાયુવેગે પ્રસરતા આ વાત પોલીસ સુધી પહોચી હતી. અને પોલીસનો કાફલો દિલીપના ઘરે પહોંચ્યો હતો. જ્યાં દિલીપે પોતાને પૈસા મળ્યાની વાત ચોખા દિલે કબૂલ કરી હતી. બાદમા પોલીસે પાર્લેપોઈન્ટ વિસ્તારના તમામ સીસીટીવી કેમેરા ચેક કર્યા હતા. સીસીટીવી તપાસ દરમિયાન પોલીસે ઘણી કારો સ્કેનીંગ કરી હતી અને બાદમા મુળ માલિક મળી આવ્યો હતો. એક મહિલાએ કારમાથી ઉતરતીવેળાએ આ રૂપિયાનું બંડલ પડી ગયું હતું. જે રીતે દિલીપભાઈએ ઈમાનદારી બતાવી હતી તેને લઈ મુળ માલિકે પણ ઈમાનદારી સ્વરૂપે બે લાખનું ઈનામ દિલીપને આપ્યુ હતુ.

ગાંધીનગરથી કોને ચૂંટણી લડાવવી તેનો નિર્ણય અમિત શાહનાં હાથમાં

ગાંધીનગર

ગાંધીનગરમાં મીડિયા સાથેની વાતચીતમાં જીતુભાઈ વાઘાણીએ કેટલાક પ્રશ્નોના જવાબમાં સ્પષ્ટતા કરી હતી કે અમિત શાહ રાષ્ટ્રીય કક્ષાના નેતા છે તેઓ આગેવાનો અને નેતાઓને ચૂંટણી લડાવે છે તેઓ શા માટે ગાંધીનગરથી ચૂંટણી લડે તે મને સમજાતું નથી.

અમિત શાહ ગાંધીનગરથી ચૂંટણી લડી રહ્યા હોવાની વાતો અને અટકળો થઈ રહી છે. ભાજપના કાર્યકરો અને આગેવાનોએ પણ નિરીક્ષકો સમક્ષ લાગણી વ્યક્ત કરી છે કે અમિત શાહ ગાંધીનગર બેઠક પરથી ચૂંટણી લડે, અમે પાર્લામેન્ટરી બોર્ડમાં આ અંગેની ચર્ચા કરીને કાર્યકરોની લાગણીનો પડઘો અને તેમની વાત ભાજપ હાઇકમાન્ડ સમક્ષ મુકીશું.

બીજી બાજુ સચિવાલયના સૂત્રો જણાવે છે કે હાલના સાંસદ અડવાણીને ટિકિટ આપવાના નથી એ બાબત હવે લગભગ સ્પષ્ટ થઈ ગઈ છે. મધ્યપ્રદેશના રાજ્યપાલ આનંદીબેન પટેલ પોતાની પુત્રી અનાર પટેલને ગાંધીનગર બેઠક પરથી ચૂંટણી લડવા માગે છે. આથી જ અમિત શાહે બચાવના ભાગરૂપે નિરીક્ષકો સમક્ષ પોતાના નામની જ રજૂઆત કરાવી હતી જેને લઈને ભાજપના અન્ય એક પણ ઉમેદવાર કે નેતાના નામની ભલામણ કરાઈ નથી તેનો અર્થ એવો થયો કે હવે અમિત શાહ જ ગાંધીનગરની બેઠક પરથી કોને ચૂંટણી લડાવવી તેનો નિર્ણય તેઓ એકલા જ કરશે. પોતાના કટ્ટર હરીફ ગણાતા આનંદીબેન પટેલના પરિવારના એક પણ સભ્યને ગાંધીનગર કે અન્ય બેઠક પરથી ચૂંટણી ટિકિટ ન મળે તે માટેની ખાસ કાળજી લેવાશે.

તા.૨૧'મીએ ધૂળેટી ઉત્સવનું આયોજન

સુરત - સુરત બરોડિયા યુવા સંગઠન દ્વારા તા.૨૧/૦૩/૨૦૧૯ રોજ સવારે ૯.૦૦ થી બપોરના ૨.૦૦ કલાક સુધી બરોડિયા સમાજની વાડી, વેડ રોડ ખાતે પૂજા-આરતી, તરી તેમજ રંગોત્સવ અને મહાપ્રસાદીનું આયોજન કરવામાં આવ્યું છે. જેથી સુરત બરોડિયા સમાજના દરેક પરિવારને આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહેવા જણાવવામાં આવ્યું છે.

ટ્રાફિકભંગ કરનાર વાહનચાલકો સાવધાન... ૧૫૦૦ હાઈ સ્પીડ કેમેરા લગાવાશે



અમદાવાદ

શહેરમાં ટ્રાફિકની સમસ્યા માથાના દુખાવા સમાન છે ત્યારે વાહન સંબંધિત ગુનાઓ જેવા કે અકસ્માત કરીને ભાગી જવું, લૂંટ કરવી, ચેઈન સ્નેચિંગના બનાવોમાં પણ દિવસેને દિવસે વધારો જોવા માળ્યો છે. ટ્રાફિકની સમસ્યાને કંટ્રોલ કરવા અને વાહન સંબંધિત ગુનાઓને રોકવા માટે શહેરના ૧૩૦ જંકશન પર ૧૫૦૦ કરતાં વધુ 'ઓટોમેટિક નંબર પ્લેટ રેકગ્નિશન' (એએનપીઆર) હાઈસ્પીડ કેમેરા લગાવાશે, જેના કારણે કોઈ પણ વાહનચાલક હવે ટ્રાફિકના નિયમનો ભંગ કર્યા પછી પોલીસની નજરમાંથી છટકી શકશે નહીં.

રાજય સરકાર દ્વારા સેફ એન્ડ સિક્યોર ગુજરાત પ્રોજેક્ટ અમલમાં મૂકવામાં આવ્યો છે. જેમાં રાજયભરમાં મહત્વનાં સ્થળો પર હાઈડેફિનેશન સીસીટીવી કેમેરા લગાવવામાં આવી રહ્યા છે. આ પ્રોજેક્ટ અંતર્ગત સીસીટીવી કેમેરા આધારિત સર્વેલન્સ સિસ્ટમ, કમાન્ડ અને કંટ્રોલ રૂમ તથા ટેકનોલોજીના વ્યાપક ઉપયોગ વડે જાહેર સ્થળો ઉપર નજર રાખવામાં આવશે. હાલ અમદાવાદમાં કુલ ૨૩૦ જંકશન પર ૩૨૭૫ હાઈડેફિનેશન વાળા સીસીટીવી કેમેરા લગાવવામાં આવેલા છે ત્યારે આવનારા દિવસોમાં એક હજાર એએનપીઆર કેમેરા અને ૫૦૦ કરતાં વધુ હાઈસ્પીડ કેમેરા લગાવવામાં આવશે.

શહેરની પોલીસ કમિશનર કચેરી ખાતે ગુજરાતનું સૌથી મોટુ પોલીસ કંટ્રોલ રૂમ શરૂ થવાનો છે. જેમાં એક ડીસીપી, બે એસીપી, ૬ પીઆઈ તેમજ દસ કરતા વધુ પીએસઆઈ અને ૨૦૦ કરતાં વધુ પોલીસ કર્મચારીઓ શહેરના ખૂણે ખૂણાની નજર રાખશે.

ભાનુશાળીની હત્યામાં કોન્સ્ટેબલ જયંતીએ શાર્પશૂટરોને મદદ કરી'તી: સીઆઈડી

અમદાવાદ

કચ્છના અબડાસાના પૂર્વ એમએલએ જયંતી ભાનુશાળી હત્ય કેસમાં આરોપી છબીલ પટેલની ધરપકડ થયાં પછી સીઆઈડી સમક્ષ નવા ખુલાસોઓ થઈ રહ્યા છે. સીઆઈડીએ છબીલના રિમાન્ડ લેતાં સ્પષ્ટ જણાવ્યું કે કચ્છ પોલીસે જ શાર્પશૂટરોને મદદ કરી હતી.

સીઆઈડીએ તપાસ કરતાં કહ્યું કે છબીલની ભલામણથી થોડા સમય પહેલાં કોન્સ્ટેબલ જયંતીને એલ.સી.બીમાં ટ્રાન્સફર કરાયો હતો. કોન્સ્ટેબલ જયંતીએ એલ.સી.બીમાં રહી એક નંબર પ્લેટ વગરનું બિનવારસી બાઈક કબ્જે કર્યું હતું. જેને પોલીસ ચોપડે ચડાવવાને બદલે ભાનુશાળીની હત્યા કરનારા શાર્પશૂટરોને હત્યા કરી ભાગવા માટે આ બાઈક આપ્યું હતું.

સીઆઈડીએ શાર્પશૂટરોને મદદ કરવાના ગુનામાં કોન્સ્ટેબલ જયંતી પર કાર્યવાહી કરવા આદેશ આપ્યા છે. પરંતુ કોન્સ્ટેબલ જંયતીની રાજકીય વગ હોવાના કારણે કચ્છ એસ.પી. પણ તેના પર કાર્યવાહી કરવામાં ધમપછાડાં કરે છે. સીઆઈડીએ નોટિસ આપી એસ.પી.ને કાર્યવાહી કરવા કહ્યું છે પરંતુ પોલીસ બેડામાં તો એવી ચર્ચાએ જોર પકડ્યું છે કે એસ.પી. પોતે જ કોન્સ્ટેબલ જયંતીને બચાવી રહ્યા છે.

ધો.૫ની વિદ્યાર્થીનીને શિક્ષિકાએ ફૂટપટ્ટી વડે માર મારતા ખળભળાટ

અમદાવાદ

હાટકેશ્વરમાં આવેલી કર્ણાવતી સ્કૂલમાં ધોરણ ૫માં અભ્યાસ કરતી વિદ્યાર્થીનીને શિક્ષિકાએ માર માર્યો હોવાની ઘટના સામે આવી છે. વિદ્યાર્થીનીને હોમવર્ક ન લાવતા શિક્ષિકાએ ફૂટપટ્ટીથી માર માર્યો હતો. વિદ્યાર્થીનીએ ઘરે જઈને તેના માતા-પિતાને ફરિયાદ કરતા પરિવારજનો પોલીસ ફરિયાદ નોંધાવા ખોખરા પોલીસ સ્ટેશન પહોંચ્યા છે.

ખોખરા હાઉસીંગ બોર્ડમાં રહેતી અને હાટકેશ્વરના સીટીએમ પર આવેલી રાષ્ટ્ર ભારતીય હિન્દી હાઈસ્કૂલના સંકુલમાં આવેલી કર્ણાવતી અંગ્રેજી સ્કૂલમાં ધોરણ ૫માં ભણતી ૧૦ વર્ષની વિદ્યાર્થીની ટાઈફોઈડની બીમારીના કારણે થોડા દિવસ સ્કૂલે હોમવર્ક લઈ ગઈ ન હતી જેથી શિક્ષિકાએ ફૂટપટ્ટી વડે માર માર્યો હતો. મારના કારણે વિદ્યાર્થીનીને શરીર પર સોળ પડી ગયા હતા. વિદ્યાર્થીનીને માર મારતા અન્ય વિદ્યાર્થીઓએ વિરોધ પણ કર્યો હતો. હાલમાં સમગ્ર મામલો ખોખરા પોલીસ સ્ટેશન પહોંચી ગયો છે.

ચોકીદાર જ ચોર નીકળ્યો..!! શંકરસિંહના 'વસંત વગડે'થી રૂ. ૫ લાખની ચોરી



ગાંધીનગર

રાજયના ભૂતપૂર્વ મુખ્યમંત્રી અને એનસીપીના વર્તમાન જનરલ સેક્રેટરી શંકરસિંહ વાઘેલાના નિવાસસ્થાન વસંત વગડામાં કામ કરતું નેપાળી દંપતી ૧૨ તોલા સોનુ અને રોકડા ત્રણ લાખ રૂપિયા લઈને ફરાર થઈ ગયું છે. ઘરઘાટી તરીકે કામ કરતા પતિ-પત્ની બાળકોને લઈ નેપાળ જતા રહ્યાં છે. પેથાપુર પોલીસે ગુનો નોંધી દંપતીને ઝડપવા તજવીજ શરૂ કરી છે. ચાર વર્ષથી પતિ-પત્ની ઘરઘાટી તરીકે તેમના ઘરમાં કામ કરતા હતા. તાજેતરમાં એનસીપીમાં જોડાનારા શંકરસિંહ વાઘેલાના ગાંધીનગર-રાંધેજા રોડ પર આવેલા વસંત વગડા નામના બંગલામાં ચાર વર્ષથી બાસુદેવ નેપાળી ઉર્ફે શંભુ ગુરખા અને તેની પત્ની શારદા ઘરઘાટી તરીકે કામ કરતા હતા. દંપતી બાળકો સાથે વસંત વગડામાં જ રહેતા હતા. ગયા વર્ષે ઓક્ટોબરમાં બાળકોને ભણવા મૂકવા કહીને ગયા હતા. શંકરસિંહની બહેનના દીકરાના લગ્નમાં વ્યવહાર માટે આશરે ત્રણ લાખ રૂપિયા અને ૧૨ તોલા સોનાના દાગીના ઘરમાં મૂકવામાં આવ્યા હતા. ઓક્ટોબર ૨૦૧૮માં શંભુ તેના બાળકોને નેપાળ ભણવા મૂકવા જવાનું કહી પત્ની સાથે વતનમાં ગયો હતો. સાતમી ફેબ્રુઆરીએ લગ્ન પ્રસંગ આવતા ઘરમાં રહેલા રોકડ અને દાગીનાની જરૂર પડી હતી પરંતુ તે ચીજો તેના સ્થાને ન હતી. પાછા બોલાવ્યા છતાં ન આવતા ફરિયાદ ઘરમાં કામ કરતા અન્ય લોકોને પૂછતાં જે રૂમમાં દાગીના અને રોકડ મૂકી હતી તે રૂમની સાફ-સફાઈ શંભુ અને તેની પત્ની કરતા હતા તેમ જાણવા મળ્યું હતું. શંભુને ફોન કરી પરત આવવાનું કહેતા હું આવી જઈશ તેમ કહ્યું હતું છતાં પણ તે પરત આવ્યો ન હતો. આમ ઘરઘાટી દંપતિએ જ ચોરી કરી હોવાની શંકાને આધારે પોલીસે ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.

હોસ્ટેલમાં રહેતા વિદ્યાર્થીએ આપઘાત કરતા અરેરાટી વ્યાપી

અમદાવાદ

ડુમિયાંણી નિ બીઆરએસ કોલેજની હોસ્ટેલમાં રોનક નામનો વિધાર્થી બીઆરએસમાં અભ્યાસ કરતો હતો અને હાલ તે ત્રીજા વર્ષમાં હતો. હાલ ચાલી રહેલી પરીક્ષામાં આ વિદ્યાર્થી ૩ જેટલા પેપર આપી ચુક્યો હતો. આ ઘટનામાં જાણવા મળે છે કે, આ વિદ્યાર્થીનું પેપર ચાલુ હોવાથી હોસ્ટેલમાં જમવાનું વહેલું હતું. જેથી તેમના રૂમ પાર્ટનરો જમવા જઈ રહ્યા હતા.

તેવામાં તેના મિત્રોએ રોનકને કહ્યું કે, ચાલ જમવા પરંતુ રોનકે કહ્યું કે ના મારે જમવું નથી અને તે હોસ્ટેલના રૂમમાં જ રોકાયો હતો. ત્યારબાદ તમામ વિદ્યાર્થી જમવા જતા રહ્યા હતા. ત્યારે પાછળથી રોનકે રૂમમાં રહેલ લોખંડના પલંગને આધાર બનાવીને પંખાના હુકમાં દોરી નાખીને ગળે ફાસો ખાઈ આત્મહત્યા કરી લીધી હતી. આ વાતની જાણ તેના રૂમ પાર્ટનરને થતા હોબાળો મચી ગયો હતો.

રોનકે આત્મહત્યા કરતા પહેલા પોતાના હાથે લખેલ એક સુસાઈટ નોટ હતી, જેમાં પોતે બીમાર ના હોવા છતાં પોતાની બંને કિડની ખરાબ છે અને પોતે આ માટે પોતાના મા-બાપ ઉપર બોજ બનવા નથી માંગતો તેવો ઉલ્લેખ કર્યો હતો. જયારે હકીકતમાં રોનકને આવી કોઈ બીમારી ના હોવાની ખાતરી તેના માતા પિતા અને હોસ્ટેલ અને કોલેજના પ્રિન્સિપાલ આપી હતી. તેમ છતાં રોનકે મોતને વ્હાલું કર્યું હતું.

રોનકે લખેલ સુસાઈટ નોટમાં નામ વગરની કોઈ છોકરીનો ઉલ્લેખ કર્યો છે, અને તેણે પોતાની તમામ વાત આ છોકરીને કરી છે, રોનકે લખેલ સુસાઈટ નોટમાં છોકરીને ભગવાન કહીને પણ સંબોધી હતી. પોલીસ માટે તો આ આત્મહત્યા એક ગુથ્થી જેવી છે. એક તરફ સુસાઈટ નોટમાં ખોટું ડેક્લેરેશન, બીજી તરફ અજાણી છોકરી, આ શું છે તેની તપાસ ઉપલેટા પોલીસ અને જેતપુર ડિવિઝન પોલીસ કરી રહી છે.

ભાજપના રાજમાં ન્યાય નથી મળતો કહી કાર્યકર્તાએ કરી ઈચ્છામૃત્યુની માંગ

વડોદરા

વડોદરા તાલુકાના બક્ષીપંચ મોર્ચાના ભાજપના મહામંત્રીએ કલેકટરને આવેદનપત્ર આપી ઈચ્છામૃત્યુની માગ કરતા હડકંપ મચી જવા પામ્યો છે. ભાજપ કાર્યકર સંજય પંચાલે ભાજપના રાજમાં જ ન્યાય ન મળતો હોવાનો આક્ષેપ કરતા હડકંપ મચ્યો છે.

ભાજપ કાર્યકર સંજય પંચાલ વડોદરાના સાંકરદા ગામમાં રહે છે. જ્યાં તેમની છેલ્લા ઘણા સમયથી ભાજપ નેતા દક્ષાબેન ઠક્કર સાથે તકરાર ચાલી રહી છે. જેમાં તેમણે દક્ષાબેન પર ખોટી રીતે ગર્ભપાતની હોસ્પિટલ ચલાવતા હોવાનો આરોપ લગાવી જિલ્લા આરોગ્ય કેન્દ્રમાં ફરિયાદ કરી હતી. ત્યારબાદ સંજય પંચાલે તેનું અપહરણ થયું હોવાની ફરિયાદ કરી હતી. જેમાં પોલીસે કોઈ જ કાર્યવાહી ન કરી હોવાનો આક્ષેપ કર્યો. તો સંજય પંચાલે પોતાની પત્ની પર તલવારથી હુમલો કરવામાં આવ્યો હોવા છતાં પોલીસ ફરિયાદ ન લેવાનો પણ આક્ષેપ કર્યો હતો.

છાણી પોલીસ સ્ટેશનમાં તેની સામે ખોટી ફરિયાદ દાખલ કરાઈ હોવાનો પણ આરોપ લગાવ્યો. આ તમામ બાબતોને લઈ તેને અત્યારસુધી ૭ વખત કલેકટરને આવેદનપત્ર આપી રાજ્ય સરકારને રજૂઆત કરી છે તેમ છતાં આજદિન સુધી કોઈ કાર્યવાહી ન થતાં તેને સાંસદ રંજનબેન ભટ્ટના નિઝામપુરા કાર્યલય બહાર જ દેખાવો કર્યા હતા, અને સરકારી તંત્ર તેમને ન્યાય ન આપતા હોવાનો આક્ષેપ કર્યો હતો.



ગુજરાતમાં છેલ્લા કેટલાક દિવસોથી રાત્રે ગુલાબી ઠંડી અને દિવસે ગરમીની ડબલ સીઝન શરૂ થઈ ગઈ છે, ખાસ કરીને બપોરના સમયે તો ગરમીનો પારો ઊંચે ચડતા જ તેની પ્રાણીઓ ઉપર પણ અસર થવા લાગી છે. અમદાવાદના શ્રી જગન્નાથજીના મંદિરમાં હાથીઓને પાણીના મારાથી ઠંડકનો અહેસાસ આપવાના પ્રયાસ થઈ રહ્યા છે.

સીએમ નિવાસસ્થાને પાર્લામેન્ટરી બોર્ડની બેઠક મળતા આચારસંહિતા ભંગની ફરિયાદ



ગાંધીનગર

ગાંધીનગર ખાતે સીએમ વિજય રૂપાણીના નિવાસ સ્થાને લોકસભાની ચૂંટણીને અનુલક્ષીને ભાજપ પાર્લામેન્ટકી બોર્ડની બેઠક યોજાતા કેયુર શાહ નામના વ્યક્તિએ ચૂંટણી પંચમાં ફરિયાદ આપી છે. આ માટે વ્યક્તિએ ચૂંટણી પંચમાં આચાર સંહિત ભંગની ફરિયાદ નોંધાવી છે. ફરિયાદમાં આક્ષેપ કરવામાં આવ્યો છે કે ભાજપ દ્વારા સરકારી મિલકતનો ઉપયોગ કરવામાં આવ્યો છે, જે આચાર સંહિતાનો ભંગ છે.

ફરિયાદમાં કહેવામાં આવ્યું છે કે ગુજરાતના મુખ્યમંત્રી વિજય રૂપાણી રાજકીય હેતુ માટે સરકારી મિલકતનો ઉપયોગ કરી રહ્યા છે, જે આચાર સંહિતાનો ભંગ છે. રાજ ભવન ખાતે આવેલા સીએમ વિજય રૂપાણીના અધિકૃત નિવાસ સ્થાનનો ઉપયોગ ભાજપના ટોંચના નેતાઓ દ્વારા ચૂંટણી માટે પાર્લામેન્ટરી બોર્ડની બેઠક માટે કરવામાં આવી રહ્યો છે. આ સમિતી નક્કી કરે છે કે કોને ટિકિટ મળશે.

હાલ દેશમાં આચાર સંહિતા લાગૂ છે ત્યારે આ જગ્યાનો ઉપયોગ રાજકીય ગતિવિધિઓ માટે કરી શકાય નહીં.

આ અરજી સાથે અરજદારે તસવીરો પણ અટેચ કરી હતી. અરજીમાં એવું પણ લખવામાં આવ્યું હતું કે, મુખ્યમંત્રી વિજય રૂપાણીએ પોતાના ફેસબુક પેજ પર આ તસવીરો પોસ્ટ કરી છે. આ સાથે એવી રજુઆત કરવામાં આવી છે કે મુખ્યમંત્રી વિજય રૂપાણી અને ભાજપના ટોચના નેતાઓ સામે કાર્યવાહી કરવામાં આવે.ગાંધીનગર ખાતે લોકસભા ચૂંટણી સમિતિની બેઠકનું આયોજન કરવામાં આવ્યું. બેઠકમાં લોકસભા બેઠકોના નિરિક્ષકો દ્વારા તૈયાર કરવામાં આવેલા કાર્યકરોના સૂચનો તથા અભિપ્રાયો અંગેનો અહેવાલ રજુ કરી ઉમેદવારો માટે ચર્ચા-વિચારણા કરવામાં આવી. વડોદરા, ભરૂચ, પંચમહાલ, છોટાઉદેપુર, દાહોદ, વલસાડ, નવસારી, બારડોલી, સુરત, આણંદ અને ખેડા બેઠકોની સમીક્ષા હાથ ધરવામાં આવી હતી.

આરટીઓમાં બોગસ લાઈસન્સ કૌભાંડમાં એજન્ટ અને ઓપરેટરની ધરપકડ

અમદાવાદ

સુભાષબ્રિજ પર આવેલી આરટીઓમાં વર્ષ ૨૦૧૮માં નાતાલની રજાઓ દરમિયાન આરટીઓ કચેરીના સોફ્ટવેયરમાં પાસવર્ડ નાખી કુલ ૮૪ જેટલા બેકલોગ કરી લાઈસન્સ ઈશ્યુ કરાયા હતા. આ કૌભાંડ મામલે અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચે અમદાવાદના એજન્ટ તેમજ અગાઉ ભૂજ આરટીઓમાં કમ્પ્યુટર ઓપરેટર તરીકે કામ કરતા યુવકની ધરપકડ કરી છે.

વર્ષ ૨૦૧૮માં નાતાલની બે દિવસની રજા દરમિયાન કોઈ અજાણી વ્યક્તિએ અમદાવાદ આરટીઓમાં સારથી-૪ સોફ્ટવેયરમાં પાસવર્ડ નાખી કુલ ૮૪ જેટલી બેકલોગ એન્ટ્રી દ્વારા બોગસ લાઈસન્સ ઈશ્યુ કર્યા હતા. જે મામલે અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચમાં ગુનો દાખલ કરવામાં આવ્યો હતો. ક્રાઈમ બ્રાન્ચના પીઆઈ કે.જી ચૌધરી અને ટીમે આરટીઓમાં સીસીટીવી અને ટેક્નિકલ મદદથી મહેન્દ્ર ઉર્ફે પાજી જાદવ (ભરવાડ, રહે-હિલવ્યુ રેસિડેન્સી,ભૂજ) અને રાકેશ પટણી (રહે.બોરડીવડનગર સોસાયટી, સરસપુર)ની ધરપકડ કરી હતી.

૨૦૧૪ની ચૂંટણીમાં પીએમ મોદીએ વડોદરા બેઠક જીતવા ૫૦ લાખ ખર્ચી નાખ્યા

ગાંધીનગર

લોકસભા ચૂંટણીની તારીખ જાહેર થઈ ગઈ છે. ૧૧મી એપ્રિલે ૯૧ બેઠક અને ૨૦ રાજય માટે પહેલા તબક્કાની ચૂંટણી યોજાવાની છે. ૭ તબક્કાની ચૂંટણી ૧૯મે પૂર્ણ થશે. ત્યારે ચૂંટણી પ્રચારમાં થતા ખર્ચની વાત કરીએ તો ૨૦૧૪ની લોકસભાની ચૂંટણીમાં પીએમ મોદીએ વડોદરાની બેઠક માટે ૫૦ લાખથી વધુનો ખર્ચ કર્યો હતો. ભરૂચ બેઠકના ભાજપના ઉમેદવાર મનસુખ વસાવાએ સૌથી વધુ ૬૭ લાખનો ખર્ચ કર્યો હતો.

ગત લોકસભાની ચૂંટણીમાં ભાજપના ૧૦ સાંસદોએ ચૂંટણી પ્રચાર માટે ૫૦ લાખથી વધુનો ખર્ચ કર્યો હતો. જેમાં ભરૂચ બેઠકના ભાજપના મનસુખ વસાવાએ ૬૭ લાખ ખર્ચ કર્યા હતા. અને સૌથી ઓછો ખર્ચ અમદાવાદ કોંગ્રેસના ઈશ્વર મકવાણાએ ૯ લાખનો ખર્ચ કર્યો હતો. ત્યારે લોકસભાના ચૂંટણી પ્રચાર ખર્ચની ૭૦ લાખની મર્યાદા સુધી ભાજપ-કોંગ્રેસના એકપણ ઉમેદવાર ન પહોંચી શક્યો.

૨૦૧૪ની લોકસભાની ચૂંટણીમાં પ્રચાર માટે કોંગ્રેસના દિગ્ગજ નેતાઓએ ૫૦ લાખથી વધુનો ખર્ચ કર્યો હતો. જેમાં સાબરકાંઠા બેઠકના ઉમેદવાર શંકરસિંહ વાઘેલાએ ૬૫ લાખ, ભરૂચ બેઠકના ઉમેદવાર જયેશ પટેલે ૬૦ લાખ, પોરબંદર બેઠકના એનસીપીના ઉમેદવાર કાંધલ જાડેજાએ ૫૮ લાખ અને આણંદ બેઠકના ઉમેદવાર ભરતસિંહ સોલંકીએ ૫૩ લાખ જેટલો ખર્ચ કર્યો હતોય છતા હારનો સામનો કરવો પડ્યો હતો.

પોલીસ સ્ટેશનમાં આગ લાગતા કોમ્પ્યુટર બળીને ખાક

વડોદરા શહેરના પાણીગેટ પોલીસ સ્ટેશનમાં શોર્ટસર્કીટના કારણે કમ્પ્યુટરમાં આગ ફાટી નીકળી હતી. આગના કારણે પોલીસે વિવિધ ગુન્હામાં ડિટેઈન કરેલા ૩૦ જેટલા ટુ-વ્હિલરો બળીને ખાક થઈ ગયા હતા. આગ વધુ પ્રસરે તે પહેલાં ફાયર બ્રિગેડ સ્થળ પર પહોંચી જઈ પાણીનો મારો ચલાવી આગ કાબુમાં લઈ લીધી હતી. શહેરના પાણીગેટ પોલીસ મથકમાં કમ્પ્યુટરમાં આગ લાગી હતી. શોર્ટ સર્કીટના કારણે એકાએક આગ ફાટી નીકળતા પોલીસ મથકમાં અફડાતફડી મચી ગઈ હતી. કમ્પ્યુટરમાં લાગેલી આગ કેબલ દ્વારા પોલીસ મથકની બહાર સુધી આવી પહોંચી હતી. જેના કારણે પોલીસ મથકની બહાર પોલીસે ડિટેઈન કરીને મુકેલા ટુ-વ્હિલરો આગની લપેટમાં આવી ગયા હતા.

HOLIDAYS TOURS & TRAVELS
ગો. ગો. ગોવા
પ્રવાસ દિવસ : 7
ચાર ધામ
પ્રવાસ દિવસ : 16
ઉનાળા વેકેશનના પ્રવાસોનુ બુકીંગ ચાલુ
મો.૯૯૨૫૧ ૩૫૪૯૫

WiselyInvest .com
શું આપ નાણા રોકાણ અંગે મૂંઝવણ અનુભવો છો?
ગુંજવણ ભરી યોજનાઓ માંથી શ્રેષ્ટ પસંદગી ૩બરૂ માર્ગદર્શન દ્વારા પ્રાપ્ત છે
SIP | Fixed Income | MF
ફક્ત એક ફોન કોલ દ્વારા
Sepunj Kapadia
+91- 93747 26576

કંપની માન્ય ઓથોરાઈઝ શો-રૂમ
મારૂતિ ઈલેક્ટ્રોનિક્સ
અમારૂ લક્ષ્ય : BEST PRICE - BEST PRODUCT - BEST SERVICE
SAMSUNG SONY HITACHI IFB Whirlpool LG LLOYD MITSUBISHI ELECTRIC BLUE STAR Panasonic BOSSH NATRAJ Haier Carrier VIVO oppo MAHARAJA WHITELINE
0 % ફાઈનાન્સ ઉપલબ્ધ
હવે ભરૂચ જીલ્લાના ગ્રાહકોને સુરત,બરોડા જવાની જરૂર નહિં રહે
BAJAJ FINSERV CAPITAL FIRST HDB FINANCIAL SERVICES
ઓન લાઈન કરતા ઓછા ભાવની ખાત્રી
દરેક ઈલેકટ્રોનિકસ બ્રાન્ડ એક જ સ્થળે
હાજીમંજુલ કંપાઉન્ડ, સ્ટેશન રોડ, અંકલેશ્વર
ફોન : 02646 - 244710
જીવનદીપ આર્કેડ,એશીયન પેઈન્ટસ ચોકડી, જી.આઈ.ડી.સી., અંકલેશ્વર ફોન:૦૨૬૪૬-૨૨૨૭૧૦
હેલ્પલાઈન નંબર : 7043191283

દૂધ બંધાવવા માટે સંપર્ક MO: 9727645497
રાધે ડેરી ફાર્મ
ભેળસેર વગરનું શુધ્ધ તબેલાનું તાજુ દૂધ
શ્રેષ્ઠ જાતની જાફરી ભેંસોનું દૂધ
દેશી ઉચ્ચ જાતની ગીર ગાયનું દૂધ
સવાર/સાંજ હોમ ડિલીવરી
કુલ ક્રીમ દૂધ મીનીમમ ૭.૫ % ફેટ (₹ ૬૦/- લીટર)
Time :Mon to Sat 8am to 2pm & 7pm to 9pm (Sunday 8am to 11am & 6pm to 9pm) Mo. 7977274892
Fruit Flavored Series @ Rs. 15/- Each
MANGO RASPBERRY PINEAPPLE LYCHEE BLACKCURRANT
Fun Series @ Rs. 15/- Each
TUTIFUTI CHOCOCHOPS ORANGE CHOCOCHOPS STRAWBERRY CHOCOCHOPS MIX FRUIT JAM
Healthy Series @ Rs. 15/- Each
PALAK CARROT TOMATO CUCUMBER BEETROOT

ભરૂચ જિલ્લાનો ગણિત વિષયમાં શ્રેષ્ઠ શિક્ષણ આપતો એક માત્ર કલાસ
પટેલ મોર્ડન કલાસીસ
BHAVESH SIR - MO. 98987 03165
ENGLISH & GUJARATI MEDIUM
A REPUTED CLASSES FOR STD. 10TH, 11TH & 12TH (SCI.) MATHS
GUJCET & JEE MATHS CLASSES
Er. BHAVESH R. PATEL B.E. Mech. (1st Class)
Shining Stars of Classes
MATHS JEE PHASE-1 2019 RESULT
95.12 RAJ DHAVAL
92.08 PRAJAPATI HET
90.68 PATEL DHANANJAY
91.00 PRAJAPATI RIDHAM
વિદ્યાર્થી તથા વાલીઓના આગ્રહને ધ્યાનમાં લઈ "પટેલ મોર્ડન કલાસીસ" ની શાખા ફેબ્રુઆરી-૨૦૧૯ થી ૩૪, શ્રી રંગ પેલેસ બીજો માળ, આઈનોક્ષ મલ્ટીપ્લેક્ષની બાજુમાં, ઝાડેશ્વર રોડ, ભરૂચ પર શરૂ કરવામાં આવશે.
87.23 Rana Anuj
86.01 Patel Aniket
85.28 Parmar Urmit
85.00 Patel Om
78.56 Siddharth
78.56 Patel Faizan
78.00 Parmar Jainik
76.00 Solanki Pritesh
76.00 Kadiwala Jainish
Chem.95 Patel Priyank
Chem.90.81 Modi Bhargav
Phy.94 Patel Parth
85.00 Degama Meet
80.95 Prajapati Khusi
80.94 Rana Mihir
80.54 Parmar Cheril
ADDRESS : 42, NARMADA COMPLEX, BESIDE CENTRAL BANK OF INDIA, PANCHBATTI, BHARUCH

સફળતાની ચાવી
જ્ઞાનમંદિર કલાસીસ
કમલેશ સર
મો. 9428326854
ADMISSION ચાલુ છે.
❋ લિમિટેડ વિદ્યાર્થી
❋ પર્સનલ ટ્યુશન કલાસીસ
❋ દરેક વિદ્યાર્થી ઉપર પુરતુ ધ્યાન
ધો. ૧ થી ૧૨ (વિજ્ઞાન પ્રવાહ)
We Believe in Quality not Quantity.....
શાખા-૧: ૪-૫ સામ્રાજય કોમ્પલેક્ષ, નર્મદાડેરીની ઉપર, જયોતિનગરની બાજુમાં, ઝાડેશ્વર રોડ, ભરૂચ
શાખા-૨: ૧ લક્ષ્મીકુંજ એપાર્ટમેન્ટ, લલ્લુભાઈ ચકલા, ભરૂચ.
શાખા-૩: બી /૫૯ શ્રી હરેશ ભાઈ પટેલના બંગલામાં, બસ સ્ટેન્ટ પાસે, જલારામ સોસાયટી, શુકલતીર્થ

વ્યારા એપીએમસી માર્કેટ સજ્જડ બંધ પાળી કપુરાના પરિવારને શ્રદ્ધાંજલી પાઠવી

સુરત

વ્યારા તાલુકાના કપુરા ગામમાં રહેતા અને શાકભાજીના વેપારીના પરિવારના સભ્યો ગત ૨૮મી ફેબ્રુઆરીથી ગુમ હતા. જેમની કાર ગતરોજ મઢી નજીક નહેરમાંથી મળી હતી. એક સાથે પાંચ સભ્યોના મોતના પગલે આજે વ્યારા એપીએમસી દ્વારા બંધ પાળીને શ્રદ્ધાંજલી આપવામાં આવી હતી.

બારડોલી પોલીસ સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ ગતરોજ મઢી પાસે નહેરમાંથી ઈકો કાર મળી આવી હતી. આ કારમાંથી કોહવાઈ ગયેલી પાંચ લાશ પણ હતી. કાર નંબરના આધારે તપાસ કરતા વ્યારાના કપુરા ગામે રહેતા અને વ્યારામાં શાકભાજીનો વેપારી ધર્મેશ ગામીતની હોવાનું જણાઈ આવ્યું હતું. ધર્મેશ ગામીત પરિવાર ગત ૨૮મી ફેબ્રુઆરીથી ગુમ હતો. કપુરા ગામે હાઈસ્કૂલના બાજુમાં ધર્મેશ જીવણભાઈ ગામીત ઉ.વ.૪૧, પિતાજી જીવણભાઈ ગેમાભાઈ ગામીત ઉ.વ.૬૫, માતા શર્મીલાબેન ઉ.વ.૬૨, પત્ની સુનિતા ઉ.વ.૩૫ અને પુત્રી ઉર્વી ઉ.વ.૬ સાથે રહેતા હતા. ધર્મેશભાઈ પરિવાર સાથે ગત ૨૮મીના રોજ બારડોલીના બામણી ગામે માતાજીના મંદિરે દર્શન માટે ગયા હતા. મંદિરે દર્શન કર્યા બાદ સુનિતાએ બહેન સાથે મોબાઈલ ઉપર વાત કરી હતી કે તેઓએ મંદિરમાં દર્શન કરી લીધા બાદ કપુરા રવાના થાય છે. ત્યારબાદ ધર્મેશ ગામીત પરિવાર સાથે ગુમ હતો. બધા સંબંધીઓના ત્યાં તપાસ કરી છતાં કોઈ ભાળ ન મળતા ધર્મેશના સસરા દ્વારા વ્યારા પોલીસ મથકે આખો પરિવાર ગુમ થવાની ફરિયાદ નોંધાવી હતી. ગતરોજ સવારે મઢી નજીક નહેરના પાણી માંથી ઈકો કાર મળી હતી. આ કારમાંથી કોહવાઈ ગયેલી પાંચ લાશ મળી આવતા પોલીસ તપાસ કરતા ગુમ થયેલ ધર્મેશ ગામીતનો પરિવાર ના સભ્યો હોવાની ઓળખ થઈ. વ્યારા એપીએમસીના વેપારી ધર્મેશ ગામીતના પરિવારને શ્રદ્ધાંજલી આપવા માટે આજે આખી માર્કેટ બંધ પાળ્યો હતો. આ બનાવની તપાસ બારડોલી પોલીસ કરી રહી છે. લાશનો વીસેરા લઈ એફએસએલ રિપોર્ટની પોલીસ રાહ જોઈ રહી છે. પરિવારે સામૂહિક આપઘાત કર્યો છે કે પછી કોઈ વાહન સાથે અકસ્માત થતા ઈકો કાર નહેરમાં પડી છે તે અંગેની માહિતી એફએસએલના રિપોર્ટ બાદ જાણવા મળશે.

૨૨'મીએ રોડ સેફ્ટી કાઉન્સિલની બેઠક

સુરત

સુરત શહેર રોડ સેફ્ટી કાઉન્સીલની બેઠક તા.૨૨/૩/૨૦૧૯ના રોજ સાંજે ૫.૦૦ વાગે પોલીસ કમિશનર કચેરીના સભાખંડમાં પોલિસ કમિશનરશ્રીના અધ્યક્ષસ્થાને યોજાશે.

એમ્બ્રોયડરી કારખાનેદાર સાથે રૂા.૧૩.૯૮ લાખની છેતરપિંડી

ત્રણ વેપારીઓ જોબવર્ક કરાવી છૂમંતર

સુરત

ભટાર ચાર રસ્તા ગાંધી કુટીર પાસે એસ.કે. સ્ટાઈલરના સંચાલક પાસેથી સાડીઓનો જથ્થો ઉધારમાં લઈ ૧૩.૯૮ લાખનું પેમેન્ટ ચૂકતે નહીં કરી ત્રણ આરોપીઓ ફરાર થઈ ગયા હોવાનો બનાવ ખટોદરા પોલીસ મથકમાં નોંધાયો હતો.

પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર મૂળ હરિયાણાના પાનીપત ગામ જિલ્લાના વતની અને હાલમાં વેસુ ખાતે આવેલા સારથી એપાર્ટમેન્ટમાં રહેતાં ઉમેશ સુભાષ ખુરાનાનો એમ્બ્રોડરીનો વેપાર ધંધો ભટાર ગાંધીકુટીર ખાતે એસ.કે. સ્ટાઈલરના નામથી ચાલે છે. આરોપી કલ્પેશભાઈ, ઈમરાનભાઈ તથા મેહુલભાઈ વગેરેઓએ ગત ૧૦મી માર્ચ થી ૧૬મી માર્ચ સુધીમાં સાડીઓના બંડલોની ખરીદી ઉધારમાં કરી હતી અને ત્યારબાદ રૂા.૧૩.૯૮ લાખના પેમેન્ટ બાબતે વારંવાર ઉમેશ ખુરાના મારફતે માંગણી કરવામાં આવતા તેઓએ મોબાઈલ તથા દુકાન બંધ કરી ફરાર થઈ ગયા હતા. સલાબતપુરા પોલીસ મથકમાં વેપારીએ ત્રણ ઈસમો સામે ફરિયાદ નોંધાવતા પોલીસે વિશ્વાસઘાતનો ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.


ભટાર ચાર રસ્તા પાસે વૃધ્ધાના ગળામાંથી અછોડાની ચીલઝડપ

સુરત

ભટાર ચાર રસ્તા પાસે આધેડ ગૃહિણીના ગળામાંથી દોઢ તોલાની સોનાની ચેઈન કિંમત રૂા. ૪૫ હજારની લૂંટ ચલાવી ફરાર થઈ ગયા હોવાનો બનાવ ખટોદરા પોલીસ મથકમાં નોંધાયો હતો. પોલીસે લૂંટનો ગુનો નોંધી તપાસ હાથ ધરી છે. પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર, અલથાણ ટેનામેન્ટ, સુયોગ નગર ખાતેજસુબેન પ્રસન્નવદન દેસાઈ રહે છે. તેઓ ગત રાત્રે સવા નવ વાગ્યાના સુમારે ભટાર ચાર રસ્તા પાસેથી પસાર થતા હતા ત્યારે કાળા કલરની હોન્ડા મોટર સાઈકલ પર આવેલા બે અજાણ્યા ઈસમોએ જશુબેન (૭૫)ના ગળામાંથી દોઢ તોલાની સોનની ચેઈન કિંમત રૂા. ૪૫ હજારની મતાની લૂંટ ચલાવી ફરાર થઈ ગયા હતા. ગૃહિણી અને આધેડ ખટોદરા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા પોલીસે લૂંટનો ગુનો નોંધી ગુનાવાળી જગ્યાનું નિરીક્ષણ તથા આગળ પાછળ દુકાનોના માલિકોના નિવેદનો નોંધવાના ચક્રોગતિમાન કર્યા હતા.

















લોકસભા ચૂંટણી આચાર સંહિતા દરમિયાન સુરિચીનો ભંગ કરવો નહીં

નીતિ ભંગ થાય તેવા કૃત્યો કરવા પર પ્રતિબંધ લાગુ કરાયો

વ્યારા

આગામી તા. ૨૩મી, અપ્રિલના રોજ લોકસભાની સામાન્ય ચૂંટણી અને તા. ૨૩/૦૫/૨૦૧૯ના રોજ યોજાનારી મતગણતરી નકકી કરવામાં આવી છે. જે અંતર્ગત આચારસંહિતાના અમલીકરણ દરમિયાન જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઇ રહે તથા મુકત અને ન્યાયી વાતાવરણમાં ચૂંટણી યોજાય તે માટે તાપી જિલ્લાના અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ બી.બી. વહોનિયાએ સુરૂચિ કે નીતીભંગ ન થાય એવા કૃત્યો કરવા પર જાહેરનામું બહાર પાડી પ્રતિબંધ ફરમાવ્યો છે.

જાહેરનામામાં જણાવ્યા અનુસાર તાપી જિલ્લાના સમગ્ર વિસ્તારમાં તા. ૧૪/૦૩/૨૦૧૯ થી તા. ૧૩/૦૫/૨૦૧૯ દરમિયાન છટાદાર ભાષણો આપવા, ચાળા પાડવા, અથવા નકલો કરવા, ચિત્રો, નિશાનીઓ, જાહેરખબરો અથવા પદાર્થ અથવા વસ્તુઓ તૈયાર કરવા, દેખાડવા અથવા તેનો ફેલાવો કરવા અથવા અધિકારીઓના અભિપ્રાય પ્રમાણે સરૂચિ અથવા નીતિનો ભંગ થતો હોય અથવા તેનાથી રાજયની સલામતિ જોખમાતી હોય અથવા જેના પરિણામે રાજય ઉથલી પડવાનો સંભવ હોય તેવા છટાદાર ભાષણો કરવાની, ચાળા પાડવાની અને તેના ચિહ્નો, નિશાનીઓ વિગેરે તૈયાર કરવાની દેખાદેખી અથવા તેનો ફેલાવો કરવાના કૃત્યો પર સમગ્ર તાપી જિલ્લાના વિસ્તારમાં પ્રતિબંધ મુકવામાં આવ્યો છે. આ હુકમનો ભંગ કરનાર સજાને પાત્ર થશે.

એથલેટિક્સ ચેમ્પિયનશિપમાં ડાંગના ગાવિત મુરલી કુમારે જીત્યો ગોલ્ડ મેડલ

પટિયાલ-ડાંગ

રાજયના ડાંગ જિલ્લામાં રહેલા અને માર્ગ બાંધકામમાં મજૂરી કરનાર એથલીટ ગાવિત મુરલી કુમારે પટિયાલામાં આયોજીત ફેડરેશન કપ નેશનલ સીનિયરલ એથલેટિક્સ ચેમ્પિયનશિપના ત્રીજા દિવસે પુરૂષોના ૧૦,૦૦૦ મીટર દોડ પોતાના નામે કરીને એશિયન ચેમ્પિયનશિપ માટે ક્વોલિફાઇ પણ કરી લીધું છે.

તેણે આ ટૂર્નામેન્ટના પ્રથમ દિવસે પુરૂષોની ૫ હજાર મીટર દોડ પણ પોતાના નામે કરી હતી. તેણે રવિવારે ૨૯ મિનિટ ૨૧.૯૯ સેકન્ડની સાથે બીજો ગોલ્ડ મેડલ હાસિલ કરી લીધો છે. તેનો આ સમય એશિયન ચેમ્પિયનશિપના ક્વોલિફિકેશન માર્ક ૨૯ મિનિટ ૫૦ સેકન્ડથી સારો રહ્યો હતો.

ગુજરાત તથા ડાંગનું ગૌરવ વધારનાર ગાવિત મુરલી કુમાર સાપુતારા હિલ સ્ટેશનની પાસે એક ગામમાં રહે છે. આ ગોલ્ડ મેડલ જીતીને તેણે કહ્યું, રવિવાર અને શઆળાની વાર્ષિક પરીક્ષા તથા નવા સત્ર વચ્ચે બે મહિનાના સમયમાં પોતાના ઘરની પાસે રોડ નિર્માણમાં મજૂરીના રૂપમાં કામ કરતો હતો અને દરરોજ ૧૫૦ રૂપિયા કમાતો હતો. આ ૨૦૧૩ અને ૨૦૧૪ની વાત છે. હું આ રકમનો ઉપયોગ દોડવા માટે જૂતા ખરીદવામાં કર્યો હતો.

સ્પર્શ સિલ્ક મિલ્સમાંથી માલ ખરીદી વેપારીઓ દ્વારા ૧.૩૭ કરોડની ઠગાઈ

વિશ્વાસ કેળવી જંગી રકમનો માલ લઈ પેમેન્ટ નહીં કરાતા પોલીસ ફરિયાદ

સુરત

સલાબતપુરા વિસ્તારમાં આવેલ સ્પર્શ સિલ્ક મિલ્સના માલિક સાથે રામ એક્ષપોર્ટ તથા રામ સોર્સિંગના માલિક અવિનાશ રાજકુમારે ૧.૩૭ કરોડનો વિશ્વાસઘાત કરી ફરાર થઈ ગયો હતો. સ્પર્શ સિલ્કના માલિકે અલગ-અલગ બિલોથી કાપડનો માલ ટ્રાન્સપોર્ટ મારફતે તેઓને મોકલી આપ્યા બાદ આરોપીઓએ મોબાઈલ ઉપાડવાનું બંધ કરી પેમેન્ટ નહીં ચૂકવી ફરાર થઈ ગયા હતા. પોલીસે વિશ્વાસઘાતનો ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

પોલીસ સૂત્રોના જણાવયા અનુસાર સિટીલાઈટ રોડ સૂર્યદર્શન એપાર્ટમેન્ટ ખાતે વરૂભાઈ સુદેશ મોહન સાધ રહે છે. તેઓની એક સ્પર્શસિલ્ક મિલ્સ સલાબતપુરા વિસ્તારમાં આવેલી છે. તેઓએ વર્ષ ૨૦૧૨થી આજદિન સુધીમાં આરોપી અવિનાશ રાજકુમાર સાધુને અલગ-અલગ બિલોથી ટ્રાન્સપોર્ટ મારફતે પહેલા ૮૦.૫૨ લાખ તથા ૫૨.૨૩ લાખનો કાપડનો માલ મોકલી આપ્યો હતો. તેઓએ ૪.૩૧ લાખનું પેમેન્ટ ચૂકવી અપ્યા બાદ આજદિન સુધીમાં ૧.૩૭ કરોડનું પેમેન્ટ નહીં ચૂકવી ફરાર થઈ ગયા હતા. સલાબતપુરા પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

નાના વરાછા મહારાણા પ્રતાપ પ્રા. શાળામાં આનંદ મેળો યોજાયો

ખાણી-પીણીના સ્ટોલની આવક શહીદ ફાળામાં અર્પણ કરી

સુરત

ન.પ્રા.શિ.સ. સુરત સંચાલિત મહારાણા પ્રાથમિક શાળા - નાના વરાછામાં ભવ્ય આનંદ મેળાનું આયોજન કરવામાં આવ્યું હતું.

વિદ્યાર્થી અભ્યાસની સાથે હિસાબ-કિતાબ પણ શીખે, વિવિધ વાનગીઓ ખાવાનો આનંદ માણી શકે અને નેતૃત્વ શક્તિ પણ ખીલે તેવા શુભ આશયથી આનંદ મેળાનું આયોજન કરવામાં આવ્યું હતું. આનંદ મેળામાં ધોરણ ૬ થી ૮ ના ૧૨૦ વિદ્યાર્થીઓએ વિવિધ ખાણી-પાણીની ૩૭ જેટલી વાનગીઓ વેચાણ માટે મૂકી હતી. ઘેલાણી હાર્દિક અને ઘેલાણી હર્ષ જાતે ગરમાં ગરમ વડાપાઉં બનાવીને વેચી રહ્યા હતા, જે સ્વાદ ભોજનના આગ્રહીઓ માટે આકર્ષણનું કેન્દ્ર બન્યા હતા. કેટલાક વિદ્યાર્થીઓએ પોતાના સ્ટોલની આવક શહીદ ફાળામાં આપી. તેમજ કેટલાક વિદ્યાર્થીઓએ શાળામાં જરૂરી ચીજવસ્તુઓ લાવીને આપવા તૈયારી દર્શાવી હતી. આનંદ મેળાના આયોજનમાં શાળાના શિક્ષિકા શ્રીમતી રેખાબહેન વસોયા, શ્રીમતી સંગીતબહેન પટેલ અને શ્રીમતી હર્ષાબહેન ભીમાણી સુન્દર કામગીરી કરી હતી તેમજ શાળાના તમામ શિક્ષક ભાઈઓ-બહેનોએ સહયોગ પૂરો પાડ્યો હતો. સમગ્ર આયોજનમાં શાળાના આચાર્ય શ્રી મિતેશભાઈ પ્રજાપતિએ માર્ગદર્શન પૂરું પાડ્યું હતું.

આ પ્રસંગે ઈ.એમ. ચેરિટેબલ ટ્રસ્ટના પ્રતિનિધિ શ્રી બાબુભાઈ વીરડિયા, શ્રી રમેશભાઈ વાઘાણી, તેમજ ખૂબ મોટી સંખ્યામાં વાલીઓ અને શિક્ષકો ઉપસ્થિત રહ્યાં હતાં.

સુરત જિલ્લામાં નવા નોંધાયેલા ૫૫૮૦૧ યુવા મતદારો પ્રથમ વખત મતદાન કરશે

જિલ્લામાં ૮૦ વર્ષ ઉપરના ૪૪,૯૯૮ વયોવૃદ્ધ મતદારો નોંધાયેલા છે

સુરત

ચૂંટણી એ દેશના ભવિષ્ય નિર્માણની એરણ છે. જેમ એરણ પર લોખંડને ટીપીને ઘાટ ઘડવામાં આવે છે, તે જ રીતે લોકશાહીની એરણ પર કરોડો ભારતીય મતદાતાઓ આગામી લોકસભા ચૂંટણીમાં મતદાન કરી દેશનું ભવિષ્ય ઘડશે. લોકસભાની ચૂંટણીના પડઘમ વાગી ચૂક્યા છે, ત્યારે સુરત જિલ્લાના યુવા મતદારોમાં જીવનનું પ્રથમ મતદાન કરવાનો અનેરો થનગનાટ જોવા મળી રહ્યો છે. આગામી એપ્રિલમાં યોજાનાર ચૂંટણીમાં આ યુવા મતદારો પ્રથમવાર મતાધિકારનો ઉપયોગ કરશે. તા.૩૦ જાન્યુઆરી, ૨૦૧૯ની યાદી પ્રમાણે સુરત જિલ્લામાં કુલ નોંધાયેલા ૪૧,૮૪,૭૧૬ મતદારો પૈકી ૧૮ થી ૧૯ ની વય ધરાવતાં ૫૫,૮૦૧ યુવા મતદારો પહેલીવાર લોકશાહીના પર્વમાં સહભાગી બની મતદાન કરશે.

૨૦૧૧ની વસ્તી ગણતરી પ્રમાણે સુરત જિલ્લાની કુલ વસતી ૭૨,૪૪,૮૯૩ નોંધાઈ છે. જેમાં ૧૮ વર્ષથી વધુની ઉમર ધરાવતાં ૪૯,૦૭,૪૫૦ નાગરિકો છે. જિલ્લાની કુલ વસતીમાં ૧૮ થી ૩૯ વર્ષની વયજૂથના યુવાનો ૩૧,૦૬,૭૯૪ પૈકી ૨૧,૫૦,૫૭૮ યુવા મતદારો છે. એટલે કે જિલ્લાના કુલ મતદારોમાંથી અડધોઅડધ મતદારો યુવાનો છે. એમ કહી શકાય કે જિલ્લામાં કુલ નોંધાયેલા ૪૧,૮૪,૭૧૬ મતદારો પૈકી ૧૮ થી ૩૯ વર્ષની વયજૂથના યુવા મતદારોની સંખ્યા ૨૧,૫૦,૫૭૮ છે. એટલે જ આગામી લોકસભાની ચૂંટણીમાં જિલ્લાના યુવા મતદારો હુકમના પત્તા સાબિત થવાના છે.

સુરત જિલ્લામાં ૭૦ થી ૭૯ વર્ષની વયજૂથના પરિપક્વ મતદારોની સંખ્યા ૧,૩૯,૭૦૪ છે. ઉપરાંત વૃધ્ધાવસ્થાને આરે પહોંચેલા સૌથી વયોવૃદ્ધ એવા ૮૦ વર્ષથી ઉપરના મતદારોની સંખ્યા ૪૪,૯૯૮ છે. આમ, યુવાવર્ગ સુરત લોકસભા બેઠકનો જનપ્રતિનિધિને ચૂંટવામાં નિર્ણાયક સાબિત થશે. નોંધનીય છે કે, વર્ષ ૧૯૯૭ અને ૨૦૦૧ની વચ્ચે જન્મેલાં મતદારો કે જેમને મિલેનિયલ્સ તરીકે ઓળખવામાં આવે છે, તેઓ લોકસભાની સામાન્ય ચૂંટણીમાં મહત્વની ભૂમિકા ભજવશે. ચૂંટણીપંચના આંકડાઓ અનુસાર દેશમાં મિલેનિયલ્સની સંખ્યા ૮.૧ કરોડ છે.

લોકસભા ચૂંટણી સંદર્ભે સુરત જિલ્લામાં હથિયારબંધી

સુરત

ભારતના ચૂંટણી આયોગ દ્વારા લોકસભાની સામાન્ય ચૂંટણી-૨૦૧૯ અનુસાર તા.૨૩/૪/૨૦૧૯ના રોજ મતદાન યોજાનાર છે. મુકત અને ન્યાયી ચુંટણી થાય તેવા આશયથી સુરત જિલ્લાના અધિક જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી એસ.ડી.વસાવાએ એક જાહેરનામું પ્રસિધ્ધ કર્યું છે.

જાહેરનામાં અનુસાર સુરત પોલીસ કમિશનરશ્રીની હકુમત સિવાયના જિલ્લાના ગ્રામ્ય વિસ્તારોમાં કોઈ પણ વ્યકિતએ શસ્ત્ર અધિનિયમની વ્યાખ્યામાં આવતું કોઈપણ હથિયાર ધારણ કરવું કે સાથે લઈને ફરવું નહિ. અથવા આવા હથિયાર સાથે હરવું ફરવું નહી. પરવાના ધારણ કરનારાઓએ પણ ધારણ કરવું નહી. આ જાહેરનામું ફરજ પરના અધિકારીઓ અને કર્મચારીઓને લાગુ પડશે નહીં. તેમજ નેશનલ રાયફલ એસોસીયેશનના રમતવીરો તથા હિરાની ફેકટરીઓ તથા સોનાચાંદીની દુકાનોમાં સલામતીની ફરજ બજાવતા ગાર્ડને કામકાજના સમય દરમિયાન હથિયાર સુરક્ષા અર્થે રાખી શકશે. જાહેરનામું તા.૨૭/૫/૨૦૧૯ સુધી અમલમાં રહેશે. હુકમનો ઉલ્લંધન કરનાર શિક્ષાને પાત્ર થશે.

ઉધનામાં યુવકને માર મારી સોનાની ચેઈન અને કિંમતી મોબાઈલની લૂંટ

એક્ટિવા કિંમતી મોબાઈલની લૂંટ : એક્ટિવા સવાર યુવક પર ત્રણ જણાએ હુમલો કરી લૂંટી લીધો

સુરત

ઉધના સુમન હાઈસ્કૂલના ગેટ પાસે વિજયા નગર-૧ પાસે એક યુવકને માર-મારી મોટર સાઈકલ પર આવેલા ત્રણ અજાણ્યા ઈસમોએ તેમના ગળામાંથી સોનની ચેઈનની લૂંટ ચલાવી ફરાર થઈ ગયા હોવાનો બનાવ ઉધના પોલીસ મથકે નોંધાયો હતો. પોલીસે લૂંટનો ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર ઉધના હરીનગર-અંબિકા નગર પ્લોટ નંબર-૫૫માં રાકેશભાઈ સુધાકરભાઈ ગુરૂડ રહે છે. ગતરોજ ઉધના વિજયાનગર સુમન હાઈસ્કૂલ પાસેથી તેઓ પસાર થતા હતા ત્યારે મોટર સાઈકલ પર આવેલા ત્રણ અજાણ્યો ઈસમો એક્ટિવા ચાલક ને માર-મારી ગળામાંથી પહેરેલી ૧૦ ગ્રામ સોનાની ચેઈન કિંમત રૂા. ૨૦ હજાર તથા એપલ કંપનીનો મોબાઈલ ફોન મળી કુલ્લે ૨૫ હજારના મુદ્દામાલની લૂંટ ચલાવી ફરાર થઈ ગયા હતા. રાકેશ પોતાના મોબાઈલ પર મેસેજ જોતો હતો ત્યારે બાઈક ચાલકો ત્યાં આવી તુ પેલી બબાલમાં શું કરતો હતો તેમ જણાવી તેની સાથે ઝઘડો કર્યો હતો. પોલીસે લૂંટનો ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

એસટી અનામતના લાભો પુનઃ શરૂ કરવા અતિત દશનામ ગોસ્વામી સમાજની માગ

સુરત

વિચરિત અને વિમુકત જાતિઓ બાવા વૈરાગી, ગોસાઈ, ગોસ્વામી, ગુસાઈ, અતિત, નાથબાવા-જોગી, રામાનંદી, માર્ગી વગેરે જાતિઓને. અનુસૂચિત જનજાતિ એસ.ટી. સમકક્ષ અનામત બંધ કરેલ લાભો ચાલુ કરવા બાબતે. ઉપરાંત ગુજરાત રાજ્યના સાધુ સંતો, મહંતો અને બ્રાહ્મણોને રાજાશાહી વખતથી મંદિરો, મઠો, જાગીરીમાં મળેલ ખેતીની જમીનો રેગ્યુલર કરી માલિકી હક્કો તેમજ ખેડૂત હક્કો આપવા બાબતે.

સમસ્ત અતિત દશનાથ ગોસ્વામી સમાજ દ્વારા સુરત જિલ્લા કલેક્ટર મારફતે સુરત જિલ્લા કલેક્ટર મારફતે ગુજરાતના મુખ્યમંત્રી સમક્ષ માગણી ગુજારવામાં આવી છે. કલેક્ટરને પાઠવાયેલા આવેદનપત્રમાં જણાવાયું છે કે, રાજ્ય સરકારે વિચરિત અને વિમુકત જાતિઓ પૈકીની બાવા, વૈરાગી ગોસાઈ, ગોસ્વામી, ગુસાઈ, અતિત, નાથબાવા-જોગી, રામાનંદી, માર્ગી ગેરે જાતિઓને એસ.સી., એસ.ટી કરતા પણ વધારે પછાત ગણેલ છે. તે રીતે અનામત બંધારણીય અધિકારી છે. સરકારના પોતાના ઠરાવો, સરકારે નિમેલ કમિશનોના અહેવાલની જોગવાઈઓનું ઉલ્લંઘન કરીને વર્ષ-૨૦૦૧થી રાજ્યમાં વસવાટ કરતી બાવા વૈરાગી, ગોસાઈ, ગોસ્વામી, ગુસાઈ, અતિત રામાનંદી, માર્ગી વગેરે જાતિઓને અનુ. સૂચિત જનજાતિ (એસ.ટી.) સમકક્ષ આપવામાં આવતા અનામતના લાભો બંધ કરેલા છે. પરિણામે આ જાતિઓનો વિકાસ રૂંધાયો છે. અનામતના લાભો તાત્કાલિક અસરથી ફરીથી ચાલુ કરવા દશનામ ગોસ્વામી સમાજની રાજ્ય સરકારને નમ્ર વિનંતી છે.

વર્ષ ૧૯૨૮મા નિમાયેલ મિ. સ્ટાર્ટ કમિશને તેના અહેવાલમાં બાવા વૈરાગી, ગોસવાઈ, ગોસ્વામી, ગુસાઈ, અતિત, નાથબાવા-જોગી, રામાનંદી, માર્ગી સહિત વિચરિત અને વિમુકત ૪૦ જાતિઓને અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિ કરતા પણ વધારે પછાત ગણી છે અને તેથી આ જાતિઓના વિકાસ માટેયોજનાઓ કરવી જોઈએ તેવો ઉલ્લેખ કરવામાં આવ્યો છે.

વર્ષ ૧૯૬૦માં ગુજરાત રાજ્ય મહારાષ્ટ્રથી અલગ થતાં રી ઓર્ગેનાઈઝેશન એકટ અમલમાં આવતા મહારાષ્ટ્ર સરકારમાં પ્રજાને જે સવલતો લાભો મળતા હતા તે સવલતો અને લાભો આપવાનો અમલ ગુજરાત સરકાર કરશે તેવું સ્વીકારાયેલ છે. મહારાષ્ટ્ર રાજ્યમાં આજે પણ વસતિના ધોરણે શૈક્ષણિક અકુમ વ્યવસાયિક ક્ષેત્રો વિચરિત અને વિમુકત જાતિઓને ૪ ટકા અનામત અલગથી આપવામાં આવે છે. તે પણ આવેદનપત્રમાં જણાવાયું છે.

ચૂંટણી પ્રચાર માટે ધાર્મિક સ્થળોના ઉપયોગ પર પ્રતિબંધ લાગુ કરાયો

જિલ્લા અધિક મેજીસ્ટ્રેટ દ્વારા કરાયેલ હુકમ

સુરત

૨૩મી એપ્રિલ રોજ યોજાનારી લોકસભાની સામાન્ય ચુંટણીને અનુલક્ષીને સૂરત જિલ્લાના અધિક જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી એસ.ડી. વસાવાએ એક જાહેરનામાં દ્વારા ચુંટણી પ્રક્રિયાને અનુલક્ષીને કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાય રહે તેવા હેતુથી સુરત જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આવેલા ધાર્મિક સ્થળો પરથી ચૂંટણી પ્રચાર કરવા પર પ્રતિબંધ જાહેર કર્યો છે.

જાહેરનામાં અનુસાર સુરત પોલીસ કમિશનરની હકુમત સિવાયના જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં કોઈ પણ રાજકીય પક્ષો, ઉમેદવારો તથા તેમના કાર્યકરોએ ચૂંટણી પ્રક્રિયા દરમિયાન ભાષણો, પોસ્ટરો, સંગીત સહિતના મંદિરો, મસ્જિદો, ચર્ચ, ગુરુદ્વારા જેવા ધાર્મિક સંસ્થાઓ/સ્થળો અથવા કોઈપણ પ્રાર્થના સ્થળોનો ચૂંટણી પ્રચાર માટે ઉપયોગ કરવો નહી. આ હુકમ તા.૨૭/૦૫/૨૦૧૯ સુધી અમલમાં રહેશે. આ જાહેરનામાનો ભંગ કે ઉલ્લંધન કરનાર શિક્ષાને પાત્ર થશે.

સુજાનગઢ નાગરિક પરિષદ દ્વારા હોળી સ્નેહમિલન સમારંભ

સુરત

સુજાનગઢ નાગરિક પરિષદ નો સ્નેહમિલન સમારોહ નું આયોજન આજે ૧૯ માર્ચે વીર નર્મદ યુનિવર્સીટી માં કરવામાં આવ્યું છે.સમારોહ દર વર્ષની જેમ આ વરસે પણ યોજવામાં આવનાર છે..યુનિવરસિટી ખાતે ૧૯ માર્ચે સાંજે સાત કલાકે સમારોહ નું આયોજન કરવામાં આવ્યું છે. કામ ની વ્યસ્તતા ના લીધે એક જ ક્ષેત્ર ના હોવા છતાં નાગરિકો ની મુલાકાત થતી નહી હોવા થી હોળી મિલન સમારોહ યોજવામાં આવે છે.. રંગારંગ કાર્યક્રમ માં વીણા કેસેટ ના કલાકારો દ્વારા ગીત અને ભજન પ્રસ્તુત કરશે .મુખ્ય અતિથી યજમાન કેસી માલુ અધ્યક્ષ પદ સુશોભિત કરશે. સાંજે સ્વારૂચી ભોજ પણ રાખવામાં આવ્યું છે.સુજાનગઢ ના બધા લોકોને અચૂક હાજર રહેવા સમાજ તરફ થી વિનંતી કરવા આવી છે.

સુરત બેઠક માટે દલીત સમાજને ટિકિટ આપવા ભાજપ પાસે માગ

દલીત સમાજના આગેવાનો ડો. બાબા સાહેબ આંબેડકર પ્રતિમા પાસે એકત્ર થયા

સુરત

લોકસભા બેઠક માટે દલીત સમાજના ઉમેદવારને ભાજપમાંથી ટિકિટ આપવાની માગણી સાથે ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ ઉપરાંત ગુજરાત ભાજપ પ્રમુખ જીતુભાઈ વાઘાણીને આવેદનપત્ર પાઠવી માગણી કરાઈ છે.

લોકસભાની સામાન્ય ચૂંટણી જાહેર થયેલ છે જેમાં ગુજરાતનાં સુરત શહેરના દલિત સમાજના મતદારો મોટી માત્રામાં છે. દક્ષિણ ગુજરાત ભરૂચથી ઉમરગામ તેમજ દમણ-દીવ અને દાદરા નગર હવેલીમાં કુલ ૧૨ ટકા દલિત સમાજની વસતિ ધરાવતો દક્ષિણ ગુજરાત પ્રદેશમાં આઝાદી પછી કોઈપણ દલિત સમાજને લોકસભાનીટિકિટ આપવામાં આવેલ નથી જેને ધ્યાને લઈ સમગ્ર દલિત સમાજની લાગણીને વાચાઆપી દલિત સમાજના સમગ્ર આગેવાનો આપને પ્રેસ મીડિયા તથા ચેનલ મીડિયા દ્વારા આપ સુધી ડો. બાબા સાહેબ આંબેડકરની પ્રતિમા પાસે ભેગા થઈને આપ હમારી લાગણી લાગણીપ હોંચાડવા માટેનો એક દાવેદારી કરવા માટેની હમારી લાગણી અને માગણી છે.

સુરત શહેરની ૧૨ વિધાનસભામાં પણ હમોએ સમગ્ર દલિત સમાજ ભારતીય જનતા પાર્ટીની સાથે રહીને બારે બાર સિટી જંગી બહુમતીથી ચૂંટાવી આપેલ છે અને અમારી લાગણી ભારતીય જનતા પાર્ટી સાથે રહેલ છે તેમજ સુરત મહાનગરપાલિકામાં પણ ભારતીય જનતા પાર્ટીને બહુમતી અપાવેલ છે.

લોકસભા ચૂંટણી પેહલા ભરૂચ લોકસભા બેઠક સંભવિત ઉમેદવાર મનસુખ વસાવા વિરુદ્ધ રજુઆતથી હડકંપ

મનસુખભાઈ એ ટેલિફોનિક વાતમાં જણાવ્યું કે ત્યાં એક ગરીબ આદિવાસીની જમીન પડાવી લેવા એક જમીનના દલાલ સાથે મળી આ લોકો ષડયંત્ર કરતા હતા તેથી મારે એક આગેવાન તરીકે મધ્યસ્થી બનવું પડ્યું માટે મને બદનામ કરવા આ ખોટી રજુઆત કરી છે બાકી આ વાતમાં કોઈ સત્યતા નથી

રાજપીપળા : ભરૂચના સાંસદ મનસુખ વસાવા,એમના ધર્મપત્ની સરસ્વતીબેન વસાવા અને જમાઈ વિક્રાંત સીતારામ વસાવા વિરુદ્ધ રાજપીપળા કોર્ટના વકીલ અનંત.બી.તડવીએ નર્મદા જિલ્લા પોલીસ વડાને લેખિતમાં રજુઆત કરી છે.પોતાની રજુઆતમાં એમણે ભરૂચ સાંસદ મનસુખ વસાવા અને એમના પરિવાર પર ગંભીર આક્ષેપો લગાવ્યા છે. એમના આક્ષેપો એવા છે કે પોતાની પત્ની અમીતાબેનના નામે ખરીદેલી ગરૂડેશ્વરના નવા વાઘપુરા મુકામે સર્વે નંબર ૨૦૯ થી નોંધાયેલી ખેતીની જમીનની બાજુમાં જ અડીને મનસુખ વસાવા અને એમના પરિવારની જમીન આવેલી છે. અમારી જમીનમાં જબરજસ્તી દબાણ કરી કબજો કરવા જમીન પડાવી લેવા તેઓ અવારનવાર નવા નવા પેતરા કરે છે.આ મામલે મેં સરસ્વતીબેન મનસુખભાઈ વસાવા અને બીજા ત્રણ લોકો વિરુદ્ધ ફરિયાદ કરી હતી અને પોલીસે એમની સામે અટકાયતી પગલા પણ લીધા હતા.સરસ્વતીબેન મારી જમીનના મૂળ માલિકને લઈને આવી ફેન્સીગનું કામ કરતા મજૂરોને અટકાવી જમીનના મૂળ માલિક પાસે મારી વિરુદ્ધ રાજપીપળા પોલીસ મથકમાં અરજી પણ કરાવેલી હતી.

મને અજાણ્યા લોકોએ એવી ધમકી આપી હતી કે આ જમીન જો તમે મનસુખ વસાવાને નહિ આપો તો અમે તમને પતાવી દઈશું.હાલ અમારા ખેતરમાં મારા મિત્ર પરેશ વિરેન્દ્ર પટેલ કામ કરાવે છો એમને પણ મનસુખ વસાવાના જમાઈ વિક્રાંત વસાવાએ ફોન પર ધમકી આપી હતી. મનસુખ વસાવાની આશ્રમ શાળાના છોકરાઓએ મારા ખેતરમાં કામ કરતા મજૂરોને ગાળો ભાંડી ભગાડી દીધા હતા. આ તમામ ઘટનામાં મનસુખ વસાવાનો હાથ છે,અમારા ખેતરમાં મુકેલી તમામ વસ્તુઓને અને મિલકતને કોઈ પણ નુકશાન થશે તો એની સમગ્ર જવાબદારી મનસુખ વસાવાની રહેશે.

જોકે મનસુખ વસાવા વિરુદ્ધ થયેલી આ લેખિત રજુઆતમાં કેટલું તથ્ય છે એ તો પોલીસ તપાસ કરે ત્યારે જ બહાર આવશે.પણ લોકસભા ચૂંટણી પેહલા ભરૂચ લોકસભા બેઠક ભાજપના સંભવિત ઉમેદવાર મનસુખ વસાવા વિરુદ્ધ આ રજુઆતે રાજકીય ખળભળાટ જરૂર મચાવ્યો છે.તો બીજી બાજુ આ રજુઆત રાજકિય કાવાદાવાનો માત્ર એક ભાગ હોવાનું પણ મનાઈ રહ્યું છે. જોકે આ ફરિયાદ સત્યથી વેગળી છે અને જેમાં કોઈ તથ્ય નથી કહી આ ફરિયાદને સાંસદ મનસુખભાઈ ખોટી ગણાવી રહ્યા છે. ત્યારે તપાસ બાદ શું સત્ય હકીકત છે એ બહાર આવશે .

નર્મદા જિલ્લાના ક્રિકેટર વિશાલ પાઠક એ રવિવારનો દિવસ જુના રાજ ના બાળકો સાથે વિતાવ્યો



નર્મદા જિલ્લા ના એક માત્ર ક્રિકેટર વિશાલ પાઠક હંમેશા ક્રિકેટ ના કાર્યક્રમ માં વ્યસ્ત હોઈ છે વેલીયન્ટ ક્રિકેટ ટિમ ના રાજપીપલા કિંગ્સ ટિમ ના કેપ્ટન એવા વિશાલ પાઠક પોતાની રજા ના દિવસો માં હંમેશા પોતાના જિલ્લા ના ગામો અને જંગલ વિસ્તાર ની મુલાકાત લેતા હોય છે બને ત્યાં સુધી જ્યારે પણ ક્રિકેટ રમી ને આવ્યા બાદ રજા ના દિવસો હોઈ ત્યારે જિલ્લા ના કોઈ એક ગામ માં જઈ ને ત્યાં ના લોકો અને બાળકો સાથે સમય વિતાવતો હોય છે ત્યાં તેમની સાથે પોતાના ક્રિકેટ વિશે ની વાતો શેર કરતો હોય છે અને ત્યાંના બાળકો સાથે ક્રિકેટ રમી ને પોતાનો સમય પસાર કરતો હોય છે જ્યારે આખો દિવસ ત્યાં રહી તેમની સાથે સમય પસાર કરવો વિશાલ પાઠક ને ખૂબ ગમે છે એક શાંત સ્વભાવ ના વ્યક્તિ તરીકે તે ખ્યાતનામ છે જ્યારે તેઓ ગ્રાઉન્ડ પર હોઈ છે ત્યાર પણ તેઓ શાંત સ્વભાવે ટીમ સાથે રહેતા હોઈ છે જેને કારણે તેમની ટીમ ના ખેલાડીઓ પણ કેપ્ટન કુલ તરીકે જ બોલાવે છે હાલ માં જ વેલીયન્ટ ની કલબ ચેમ્પિયનશીપમાં પોતાની ટીમ ના પર્ફોર્મન્સ થી નાખુશ થયા હતા પણ તેમની ટીમ ના ખેલાડીઓ ને પ્રોત્સાહિત પણ કાર્ય હતા ને કેવી રીતે સારું પર્ફોર્મન્સ કરવું તેની ટિપ્સ પણ આપી હતી સામે ની ટીમ ના ખેલાડીઓ જે રીતે સ્લેજિંગ કરતા હોય છે તેની સામે કેવી રીતે જવાબ આપવો તેની પણ ટિપ્સ આપી હતી આગામી દિવસો માં આવનારી ટુર્નામેન્ટ માટે વેલીયન્ટ ના ખેલાડીઓ ને શુભેચ્છા પણ પાઠવી છે.

ડેડીયાપાડા પોલીસે બાતમીને આધારે વિસ્ફોટક પદાર્થ સાથે રાજસ્થાનના બે ઈસમોને ઝડપી પાડ્યા



રાજપીપળા :હાલ ૨૦૧૯ લોકસભા ચૂંટણીની જાહેરાત થઈ ગઈ છે.જેને લઈને નર્મદા જિલ્લામાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે એ માટે સઘન ચેકીંગ અને પેટ્રોલિંગ કરવા પોલીસ વડા હિમકર સિંહે પોલિસ અધિકારીઓને સૂચના આપી છે.જિલ્લા પોલીસ વડાની સુચનાને લઈને ડેડીયાપાડા પોલીસ મથકના જીં એસ.જે.રાઠવા પોતાની પોલીસ ટીમ સાથે પેટ્રોલિંગ કરી રહ્યા હતા.દરમિયાન ૨ ઈસમો વિસ્ફોટક પદાર્થ હોવાની ચોક્કસ બાતમી મળી હતી.

એ બાતમીને આધારે ડેડીયાપાડાના વેરાઈમાતાજીના મંદિર પાસેથી (૧) કમલેશ મોહનલાલ ચૌધરી તથા (૨) જીતુલાલ ગિરધારીલાલ ભીલ બન્ને રહે.ગણેશપુરા તા.રાશ્મી જી.ચિત્તોડગઢ (રાજસ્થાન) હાલ રહે.ડેડીયાપાડા પાસેથી ગે.કા.વગર પાસ પરમીટનો વિસ્ફોટક પદાર્થ (૧) ૨૨ સે.મી.લંબાઈની જીલેટીન સ્ટીક નંગ ૩૯૮ કી.રૂ.૨૩૮૮૦/ તથા (૨) ઈલેકટ્રીક ડીટોનેટર નંગ ૧૫૦ કી.રૂ.૧૫૦૦/ મળી કુલ ૨૫૩૮૦/- રૂપિયાનો વિસ્ફોટક તેમજ પોતાના ગાડી નં.જીજે.૦૬.એચ.૧૯૮૦ ની કિ. રૂા.૫૦૦૦૦/- તથા રીયલમી કંપનીનો એનડ્રોઈડ ફોન કાળા રંગનો ડબલ સીમનો કિમત રૂ/- ૫,૦૦૦/-નો મળી કૂલ ૮૦૩૮૦/-નો મુદ્દામાલ સાથે ઝડપી પાડી કાર્યવાહી હાથ ધરી છે.

ભરૂચ સાંસદ મનસુખ વસાવા અને એમના પરિવાર વિરુદ્ધ વકીલે જમીન મુદે નર્મદા જિલ્લા કલેકટરને રજુઆત કરી : સાંસદ મનસુખ વસાવાએ આ ફરિયાદને પાયાવિહોણી ગણાવી : ફરિયાદમાં કોઈ તથ્ય નથી

અંકલેશ્વર રૂરલ પો.સ્ટે.ના ચોરીના ગુનામાં નાસતા ફરતા આરોપીનેઝડપી પાડતી પેરોલ ફર્લો સ્કોડ ભરૂચ



ભરૂચ જીલ્લા પોલીસ અધિક્ષક રાજેન્દ્રસિંહ ચુડાસમા સા.નાઓની સુચના તેમજ માર્ગદર્શન મુજબ તેમજ પીએસઆઈ એ.એસ.ચૌહાણ નાઓની સુચનાથી ભરૂચ જીલ્લામાં બનેલ ગુનાઓમાં નાસતા ફરતા આરોપીઓ શોધી કાઢવા જણાવેલ જેથી અમો તથા સ્ટાફ સાથે આવા ગુનેગારો શોધી કાઢવા અંકલેશ્વર વિસ્તાર પેટ્રોલીગમાં હતા દરમ્યાન મળેલ બાતમી આધારે અંકલેશ્વર રૂરલ પો.સ્ટે. ગુરનં. ૧૫૫/૨૦૧૫ ?૯૯ કલમ ૩૭૯, ૧૧૪ મુજબના ગુનાના કામનો નાસતો ફરતો આરોપી વૈકુંઠ ઉર્ફે મુછ્છર ભુરાભાઈ વસાવા ઉ.વ.આ.૫૦ રહે,હજાત, તળાવફળીયુંતા-અંકલેશ્વર જી-ભરૂચનાનેતા.૧૮/૦૩/૧૯ના કલાક- ૧૮:૩૦ વાગે કલમ-૪૧ (૧) એ મુજબ કાયદેસર કાર્યવાહી કરી આગળની વધુ તપાસ અર્થેઆરોપીનેઅંકલેશ્વર રૂરલ પો.સટ.માં સોંપવામાં આવેલ છે.

ભરૂચના જુના ભરૂચમાં ચૂંટણીલક્ષી બેનરની બબાલ

● કોંગ્રેસ અને આર.ટી.આઈ એક્ટિવિસ્ટ વચ્ચે બેનર ફાડવા મુદે ઝપાઝપી

● વિસ્તારનો વિકાસના થયો હોવાના આક્ષેપ સાથે કોંગ્રેસના કાર્યકરે જ વિરોધી સૂર ઉઠાવી મત માંગવા આવનારને જુતાનો હાર પહેરાવવાની જાહેરાત કરી હતી.

ભરૂચ.

લોકસભા ચૂંટણી જાહેર થતા જ જ્યાં વિકાસ નથી થયો તેવા વિસ્તારમાં નારાજ લોકો બેનર લગાવી પોતાનો રોષ વ્યક્ત કરતા હોય છે. ભરૂચમાં લાગેલા ચૂંટણીલક્ષી બેનરે બબાલ ઉભી કરી છે. બેનરની બબાલ મા એક જ વિસ્તારના બે જૂથો વચ્ચે બોલાચાલી અને બેનર ફાડવા ના મુદ્દે ખેંચાતાણી અને ઝપાઝપી થતા મામલો ગરમાયો હતો.

પ્રાપ્ત માહિતી અનુ સાર જુના ભરૂચમાં રહેતા કોંગ્રેસના કાર્યકર નિખિલ શાહે એક જાહેર બેનર લગાડ્યું હતું. જેમાં ભાજપ કે કોંગ્રેસના ઉમેદવારે ચૂંટણી પ્રચારમાટે આવે તો જુતાનો હાર પહેરાવવાની ઘોષણા કરી હતી.

આ બેનર નિખિલ શાહે વ્યક્તિગત લગાવ્યું છે. જુના ભરૂચના નામે બેનર લગાવવાના સ્થાને તેણે પોતાના વ્યક્તિગત નામથી બેનર લગાવવું જોઈએ તેવા આક્ષેપ સાથે આર.ટી.આઈ એક્ટિવિસ્ટ ધવલ કનોજીયાએ પોતાના સમર્થકો સાથે બેનર ફાડવા જતા વિવાદ ઉભો થયો હતો. આ બાજુ નિખિલ શાહ અને તેના મિત્રોને ખબર પડતાં તેઓ પણ ઘટના સ્થળે પહોંચતા બબાલ ઉભી થઇ હતી. બંને જૂથ સામસામે આવી જતા બોલાચાલી બેનર ખેંચાતાણીના દ્રશ્ય સર્જાયા હતા. જેને લઈ. એક તબક્કે વાતાવરણ ગરમાયુ હતું.

કોંગ્રેસ કાર્યકર નિખિલ શાહે બેનર ફાડવા ની ઘટના સામે રોષ વ્યક્ત કરી આગામી દિવસોમાં બેનરો લગાવવાની અને ભાજપના કાર્યકરોમાં તાકાત હોય તો રોકી બતાવે તેવી ચીમકી પણ ઉચ્ચારી હતી. જ્યારે બીજી બાજુ આર.ટી.આઈ એક્ટિવિસ્ટ ધવલ કનોજીયાએ એ જુના ભરૂચના નામે બેનર લગાડવાની ઘટનાને વાખોડી નાખી. નિખિલ શાહે બેનર લગાડવું હોય તો જુના ભરૂચના નામે નહીં પણ પોતાના નામે લગાવે તેવો આક્ષેપ કર્યો હતો.

શાહરૂખ-સલમાન અને કેટરિનાની ત્રિપુટી ઉર્દુ ભાષાને પ્રમોટ કરશે

મુંબઈ

હાલમાં બોલિવૂડના કલાકાર દરેક પગલે મોદી સરકાર સાથે ઉભેલા નજરે ચડે છે. આ પરિસ્થિતિમાં બોલિવૂડ કિંગ શાહરૂખ ખાન, સલમાન ખાન અને કેટરિના કૈફને સાંકળતા મોટા સમાચાર સામે આવ્યા છે. આ ત્રણેય દિગ્ગજ મોદી સરકારની એક નવી યોજના સાથે જોડાવાના છે. મિનિસ્ટ્રી ઓફ હ્યુમન રિસોર્સ ડેવલપમેન્ટની ઓટોનોમસ બોડી નેશનલ કાઉન્સિલ ફોર પ્રમોશન ઓફ ઉર્દૂ લેંગ્વેજએ હાલમાં માહિતી આપી છે કે ઉર્દુ ભાષાને પ્રમોટ કરવા માટે શાહરૂખ ખાન, સલમાન ખાન અને કેટરિના કૈફ જેવા બોલિવૂડના સુપરસ્ટાર્સની મદદ લેવામાં આવશે.

આ ત્રણેય કલાકારોની મદદ ઉર્દુ ભાષા વિશે લોકોમાં જાગૃતિ ફેલાવવા માટે લેવામાં આવશે કારણ કે તેમના ચાહકોની સંખ્યા ઘણ વધારે છે. તેમના ચાહકોની વિશાળ સંખ્યાને ધ્યાનમાં રાખીને જ કદાચ મોદી સરકારે આ નિર્ણય લીધો છે. આપને જણાવી દઈએ કે એનસીપીયુએલ ઉર્દૂમાં પુસ્તકો પ્રકાશિત કરે છે અને નેશનલ તેમજ ઈન્ટરનેશનલ લેવલના પ્રોગ્રામોનું પણ આયોજન કરે છે. પરંતુ, સોશિયલ મીડિયા પર ઉર્દુ ભાષાને પ્રમોટ કરવા માટે સલમાન અને કેટરિનાને પસંદ કરવા અંગેના મિશ્ર પ્રતિભાવો મળી રહ્યા છે. કેટલાક લોકો આ પ્રોજેક્ટ માટે કેટરિનાની પસંદગી કરવાના નિર્ણયની આકરી ટીકા કરી રહ્યા છે.

પાઠયપુસ્તકોમાં ફિલ્મ 'કેસરી'ની કથા ઉમેરોઃ અક્ષય કુમાર

મુંબઈ

મોખરાના અભિનેતા અક્ષય કુમારે કહ્યું હતું કે સ્કૂલોના પાઠયપુસ્તકોમાં ફિલ્મ કેસરીની કથા ઉમેરવી જોઈએ. ઊગતી પેઢીને આ યુદ્ધની કથા જણાવવી જોઈએ.

બેટલ ઑફ સારગઢી તરીકે જાણતી આ કથામાં આંગળીના વેઢે ગણાય એટલા શીખોએ લોહી તરસ્યા અફગાન આદિવાસી લડાયકો અને બ્રિટિશ સેનાનો સામનો કર્યો હતો. ૧૮૯૭માં બનેલી આ ઐતિહાસિક ઘટનાનો પાઠયપુસ્તકો તૈયાર કરનારા સરકારી અધિકારીઓએ રીતસર અનાદર કર્યો છે એવું અક્ષય કુમારે વધુમાં કહ્યું હતું. તેણે ઉમેર્યું કે હોલિવૂડ તરફ જોવાનીય જરૂર નથી. આપણા દેશના ઈતિહાસમાં આવી કેટલીક કથાઓ પડી છે જેની ઊગતી પેઢીને જાણ સુદ્ધાં નથી કારણ કે પાઠય પુસ્તકો તૈયાર કરનારા લોકોએ આવી કથાઓ શોધીને બાળકોને ભણાવવાની પરવા કરી નથી.

તાતીથૈયા ડાઈંગ મિલમાં કારીગર યુવકનો આપઘાત

કડોદરા

પલસાણા તાલુકાના તાતીથૈયા ખાતે આવેલ પદ્માવાળા ડાઈંગ પ્રિન્ટીંગ મિલમાં વહેલી સવારે એક કારીગરે ગળે ફાંસો ખાઈ આપઘાત કરી લેતા ચકચાર મચી ગઈ હતી.

પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર તાતીથૈયાના મહાદેવનગરમાં રહેતા અને પદ્માવાળા ડાઈંગ પ્રિન્ટિંગ મિલમાં કામ કરતા સુનિલકુમાર શંકરભાઈ મહંતો ઉ.વ. ૨૧ નામના યુવાને સવારે ૬ કલાકે કોઈ અગમ્ય કારણોસર પોતે ગળેફાંસો ખાઈ લીધો હતો. આથી તેને. સુરતની મહાવીર હોસ્પિટલમાં ખસેડાયો હતો. જ્યાં ફરજ પરના ડોક્ટરે યુવકને મૃત જાહેર કર્યો હતો. બનાવ અંગે કડોદરા પોલીસે અકસ્માત મોતનો ગુનો દાખલ કરી આગળની તપાસ હાથ ધરી હોવાનું જાણવા મળે છે.

એપ્રેન્ટીસ પરીક્ષા ફોર્મ ભરવા સંદર્ભે સૂચના

સુરત

આઈ.ટી.આઈ.મજુરા ખાતે આગામી મે-૨૦૧૯ની અ.ભા.વ્યવસાયિક (એપ્રેન્ટીસ) પરીક્ષાના ફોર્મ ભરવાની કામગીરી શરૂ છે, જેની છેલ્લી તા.૧૫/૪/૨૦૧૯ છે. પરીક્ષામાં લાયક અને બેસવાપાત્ર ઉમેદવારોએ પરીક્ષા ફોર્મ ભરી જમા કરવાના રહેશે. જેની નોંધ લેવા સુરત જિલ્લાના ઔદ્યોગિક એકમો ખાતે તાલીમ લેતા ટ્રેડ એપ્રેન્ટીસોને આસિસ્ટન્ટ એપ્રન્ટીસશીપ એડવાઈઝરના આચાર્યશ્રીની યાદીમાં જણાવાયું છે.

લોકસભા ચૂંટણીમાં ઝોનલ ઓફિસરોને કાર્યપાલક મેજીસ્ટ્રેટ તરીકે નિયુક્ત કરાયા

તા.૨૭'મીમે સુધી વિશેષ સત્તાઓ હસ્તગત રહેશે

સુરત

ભારતીય ચુંટણી પંચ દ્વારા લોકસભાની સામાન્ય ચુંટણીઓ તથા વિધાનસભાની પેટા ચુંટણીઓ-૨૦૧૯નો વિગતવાર કાર્યક્રમ જાહેર કરવામાં આવ્યો છે.

ચૂંટણીઓ નિષ્પક્ષ, તટસ્થ અને શાંત વાતાવરણમાં અને નાણાકીય અશિસ્ત આચર્યા વગર સંપન્ન થાય તેવા આશયથી સુરત જિલ્લા મેજીસ્ટ્રેટશ્રીએ જીલ્લામાં નિયુક્ત સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટશ્રીઓ સિવાયના મદદનીશ ચુંટણી અધિકારીઓ, વધારાના મદદનીશ ચુંટણી અધિકારીઓ તેમજ નિયુક્ત વર્ગ-૩થી નીચેની સંવર્ગના ના હોય તેવા તમામ સેકટર ઓફીસર (ઝોનલ ઓફિસર)ઓને ભારતીય ફોજદારી કાર્યરીતી અધિનિયમની કલમ-૨૧ હેઠળ ખાસ કાર્યપાલક મેજીસ્ટ્રેટ તરીકે નિયુક્ત કરી તેઓની નિમણુંક જે વિધાનસભા મતદાર વિભાગ માટે થયેલ હોય તે મતદાર વિભાગની સીમા પુરતા અધિકારો ૧૬/૪/૨૦૧૯થી ચુંટણી પ્રક્રિયા પૂર્ણ થયાની તા.૨૭/૫/૨૦૧૯ સુધી સુપ્રત કરવાનો હુકમ જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી દ્વારા કરવામાં આવ્યો છે.

ઝગડીયા ઔદ્યોગિક વસાહતનું એફલુએન્ટને

દરિયા સુધી લઈ જતી પાઈપનું હાંસોટ ખાતેના ખેતરમાં લીકેજ થતા ખેડૂત ને થયેલ નુકસાન

હાઈડ્રો ટેસ્ટ કર્યા વગર ફક્ત ફ્લો ટેસ્ટ કરી લાઈન ચાલુ કરી હતી તેનું આ પરિણામ હોઈ શકે છે- સલીમ પટેલ- પ્રકૃતિ સુરક્ષા મંડળ

અંકલેશ્વર

ઝગડીયા ઔદ્યોગિક વસાહત નું એફલુએન્ટ ને દરિયા સુધી લઈ જતી પાઈપ નું હાંસોટ ખાતે ના એક ખેતર માં રાત્રી ના સમયે વધારે ફ્લો વધારે થતા લીકેજ થવા ના કારણે ખેડૂત ના ખેતર માં અનેક જગાએ ખાડા પડી ગયા અને એફલુએન્ટ ખેતર માં વહી ફળદ્રુપ જમીન ને નુકસાન કર્યું હોવાનું ખેડૂતે જણાવેલ છે



હાંસોટ ના શ્રી અસફાક તાજભાઈ નામના ખેડૂત ના જણાવ્યા મુજબ લાંબા સમય થી ચાલતા આ નાના લીકેજ ની જાણકારી માં NCT ને આપી હતી .પરંતુ NCT દ્વારા રીપેર ના કરાતા આ બનાવ બન્યો હોવાનો અને વારંવાર નું આ નુકશાન થયું આની જવાબદારી કોણ સ્વીકારશે? ખેતી એ જ એકજ મારી આજીવિકા છે. અને આ અગાઉ લીકેજ થયો તયારે પણ મેં અનેક લખિત અને વકીલ મારફત પણ જાણ કરી હોવા છતાં કોઈ પણ જાતની કાર્યવાહી NCT તરફથી કરવામાં આવતી નથી રીપેર કરવા પણ આવતા નથી.

હાઈડ્રો ટેસ્ટ કર્યા વગર ફક્ત ફ્લો ટેસ્ટ કરી લાઈન ચાલુ કરી હતી તેનું આ પરિણામ હોઈ શકે છે

પ્રકૃતિ સુરક્ષા મંડળ ના સલીમ પટેલે જણાવ્યું હતું કે આ ઝગડીયા થી દરિયા સુધી જતી લાઈન શરૂઆત થી જ વિવાદિત બની રહી છે. આ લાઈન ના માં કોન્ટ્રાક્ટરો વિવાદ થતા કોર્ટ કેશો થયા જે હાલ પણ ચાલુ જ છે. અંદાજીત ખર્ચ અને અંદાજીત સમય કરતા વધારે સમય અને ખર્ચ થયો છે તેમ છતાં તે કામગીરી માપદંડો મુજબ થઈ ન હતી હાલ ફક્ત ઝગડીયા જીઆઈડીસી નું જ એફલુએન્ટ વહે છે અને તે ૧૦ MLD(અંદાજીત) છે.જ્યારે આ પાઈપ લાઈન ની કેપેસિટી ૬૦ MLD ની છે અને ૩૫ MLD ની મનજુરી જીપીસીબી એ આપી છે. આમ ફક્ત ૧૦ MLD ના ના એફલુએન્ટ ના વહન માં લીકેજ થવા નું કારણ શું હોઈ શકે? એક સંભાવના એ છે કે આ લાઈન હાઈડ્રો ટેસ્ટ કર્યા વગર ફક્ત ફ્લો ટેસ્ટ કરી લાઈન ચાલુ કરી દેવા માં આવી હતી તેનું આ પરિણામ હોઈ શકે છે. અને આવી ગેરકાયદેસર ની મંજુરી આપવામાં જીપીસીબી પણ એટલીજ જવાબદાર છે. હાલ ઝગડીયા જીઆઈડીસી માં નવા-નવા ઉદ્યોગો ની સ્થાપના થઈ રહી છે તેથી ફ્લો વધશે તો શું પરિસ્થિતિ સર્જાશે એ વિચારવું રહ્યું.

ભારતીય બનાવટનો વિદેશી દારૂનો ગણાનાપાત્ર કેશ શોધી કાઢતી કાવી પોલીસ

ભરૂચ પોલીસ અધિક્ષક રાજેન્દ્રસિંહ ચુડાસમા તરફથી જિલ્લાની પ્રોહી / જુગારની અસામાજીક પ્રવુતિ ચલવતા ઈસમો વિરૂધ્ધ કાયદેસર કાર્યવાહી કરવા સુચના આધારે તથા નાયબ પોલીસ અધિક્ષક જંબુસર ડીવીઝન અશોકસિંહ ગોહીલના માર્ગદર્શન હેઠળ કાવી પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીગમાં નિકળેલા હતા તે દરમ્યાન વિરભદ્રસિંહ જયવંતસિંહ બ.નં.૦૧૦૧૧ નાઓને બાતમીદાર થી બાતમી મળેલ કે કિમોજ ગામે પરમાર ફળીયામાં રહેતા યતીશ ઉર્ફે રણજીત રાયસંગ પરમાર નાઓના મકાનમાં ભારતીય બનાવટનો વિદેશી દારૂ હોય જે બાબતે રેડ કરતા સ્થળ ઉપર ભારતીય બનાવટ નો વિદેશી દારૂ બોટલ નંગ ૩૬૨ કિંમત રૂપીયા ૩૬૨૦૦/- ના મુદ્દામાલ સાથે પકડાય ગયેલ હોય જે બાબતે પ્રોહી એક્ટ કલમ ૬૫-/.૬ ૮૧ મુજબ કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામા આવેલ છે.

નામચીન બુટલેગરની પાસાધારા હેઠળ અટકાયત કરતી દહેજ પોલીસ

રાજેન્દ્રસિંહ ચુડાસમા પોલીસ અધિક્ષક, ભરૂચનાઓની આગામી લોકસભા સામાન્ય ચૂંટણી-૨૦૧૯ અન્વયે અસરકારક અટકાયતી પગલાની કામગીરી કરવા માટે જીલ્લામાં તમામ થાણા અમલદારને જરૂરી સુચના/ માર્ગદર્શન આપવામાં આવેલ, જે અનુસંધાને નાયબ પોલીસ અધિક્ષકશ્રી ડી.પી. વાઘેલા સા. ભરૂચનાઓના માર્ગદર્શન મુજબ જે. એન. ઝાલા પોલીસ ઈન્સ્પેકટર દહેજ પો.સ્ટે.નાઓએ પાસાધારા હેઠળ દરખાસ્ત તૈયાર કરી જીલ્લા મેજીસ્ટ્રેટ ભરૂચનાઓ તરફ મોકલી આપતા જીલ્લા મેજીસ્ટ્રેટ ભરૂચનાઓએ પાસાધારા હેઠળ અટકાયત કરવા હુકમ કરતા પાસા અટકાયતી પંકજભાઈ ભરતભાઈ ગોહીલ હાલ રહે,દુબઈ ટેકરી ઝાડેશ્વર રોડ, તા.જી. ભરૂચ મુળ રહે, કડોદરા, ખડકી ફળિયુ તા.વાગરા જી. ભરૂચનાને આજરોજ તા.૧૭/૦૩/૨૦૧૯ ના કલાક ૧૫/૦૦ વાગે અટકાયત કરી મધ્યસ્થ જેલ રાજકોટ ખાતે મોકલી આપેલ છે.

નર્મદા એલ.સી.બી.એ.વિદેશી દારૂનો જથ્થો ઝડપી પાડ્યો

રાજપીપળા : જીલ્લા માંથી દારૂ તથા જુગારના દુષણને ડામવા માટે જીલ્લા પોલીસ વડા હિમકર સિંહના કડક નિર્દેશો તેમજ આગામી લોકસભા ચુંટણીને ધ્યાને રાખી જે.એમ.પટેલ, પો.સ.ઈ. એ લ.સી.બી.નર્મદાએ એલ.સી.બી.ની બે અલગ-અલગ ટીમો બનાવી નર્મદા જીલ્લાના પો.સ્ટે. વિસ્તારમાં પેટ્રોલીંગ કરી દારૂ તથા જુગારના કેસો શોધી કાઢવા સુચના કરતા સાગબારા પો.સ્ટે. વિસ્તારમાં પેટ્રોલીંગ દરમ્યાન ઈંગ્લીશ દારૂની હેરાફેરી બાબતે માહીતી મળતા સાગબારા પો.સ્ટે વિસ્તારના દતવાડા ગામે નાકાબંધી કરી એક વ્યક્તિ પ્લસર મોટર સાયકલ પર આવતા તેણે પોલીસની નાકાબંધી જોઈ પોતાની મોટર સાયકલ મુકી નાસી જઈ મોટર સાયકલ ઉપર દારૂના ક્વાટરીયા પેટી નંગ- ૧૨ કિ.રૂ.૨૮,૮૦૦/- તથા પલ્સર મો.સા. કિ.રૂ ૩૦,૦૦૦/-ના મુદ્દામાલ સાથે કુલ્લે રૂ. ૫૮,૮૦૦/- નો મુદ્દામાલ જમ કરી કાયદેસરની કાર્યવાહી કરી છે.

જીવનના અંત બાદ પરિવારને કામ આવતા વીમા માટે પણ હવે ગ્રાહકોને ધક્કા ...!!

રાજપીપળા લાઈફ ઈન્સ્યોરન્સ કંપનીના રેઢિયાળ વહીવટના કારણે એક મહિલા ગ્રાહક ધક્કે ચઢ્યા

જરૂર પડે પોતાની પોલિસી પર લોન લીધા બાદ ગત મહિને પુરેપુરી લોન ભરપાઈ કર્યા બાદ કંપનીમાં મુકેલી ઓરીજીનલ પોલિસી માટે ધક્કા

જયારે મહિલાએ લોનની પુરી રકમ ભરપાઈ કરી દીધી છતાં પોતાની પોલિસી કેમ નથી આપતા તેમ પૂછતાં મેનેજર સહિત સ્ટાફનું એકજ રટણ કે સ્ટાફ ઓછો હોવાના કારણે તકલીફ



રાજપીપળા : રાજપીપળા ખાતે આવેલી લાઈફ ઈન્સ્યોરન્સ કંપનીના લુલા વહીવટના કારણે જાગૃતિબેન શાહ નામની એક મહિલા ધક્કે ચઢી હોય જીવનના અંત ટાણે પરિવારને કામ આવતા વિમાના નાણાં માટે લોકો એલઆઈસી જેવી કંપની પર ભરોસો મૂકી પોલિસી ખરીદે છે પરંતુ ભારત દેશ ની કમનસીબી છે કે ખુરસી પર બેઠેલા કચેરીના અધિકારીઓ ખુરસી મળ્યા બાદ ગ્રાહકોને પડતી તકલીફ તરફ બિલકુલ ધ્યાન આપતા નથી તેવોજ અનુભવ રાજપીપળા ખાતે રહેતા જાગૃતિબેન શાહને થયો જેમાં પોતાની એક પોલિસી લીધા બાદ અમુક વર્ષ બાદ તેમને આર્થિક તકલીફ આવતા તેમના જમા થયેા રૂપિયા કટોકટીમાં કામ આવશે એમ વિચારી એ એલઆઈસી ઓફિસ પર ગયા અને અધ વચ્ચેથી વીમો બંધ કરાવી તેમની જમા થયેલી રકમની માંગ કરતા ત્યાંના કર્મચારી એ પોલિસી બંધ કરવા કરતા લોન લેવાની સલાહ આપી તેથી આ બેને લોન લીધી નિયમ મુજબ તેનું વ્યાજ ભર્યું પરંતુ હાલ તેમની સ્તિથી સુધરતાં બાકી લોન અને વ્યાજ ના પુરા નાણાં તેમણે જમા કરાવ્યા બાદ ત્યાં લીધેલી તેમની ઓરીજીનલ પોલિસીની માંગ કરતા એ ટપાલ દ્વારા અઠવાડિયામાં મળશે એમ જણાવ્યું પરંતુ એક મહિના જેવો સમય થવા છતાં પોલિસી ન મળતા ફરી કચેરી પર જતા ત્યાંથી એવો જવાબ મળ્યો કે સ્ટાફનો અભાવ હોવાથી હજુ મોકલી નથી જેથી આ બેને પૈસાની રસીદ બતાવી પોલિસી મને આપો એમ કહ્યું પણ ટપાલ માંજ મોકલીશુ અથવા તમને ફોન કરી જણાવીશુ એવો જવાબ એક મહિના બાદ મળતા અનેક સવાલ ઉભા થયા હતા . શું આ મહિલા ગ્રાહકની પોલિસી ક્યાંક અટવાઈ હશે ...? કે મહિનો થવા છતાં નહીં આપવા પાછળ અન્ય કોઈ કારણ હશે...? એક નાનકડી પોલિસી ગામમાં જ રહેતા ગ્રાહકને પહોંચાડવા કંપની કેમ સમય બગાડે છે...? એલઆઈસીની મુંબઈ ખાતે આવેલી વડી કચેરી દ્વારા આ બાબતે તપાસ કરી જાગૃતિબેન ને તેમની પોલિસી વહેલી તકે પરત મળે એવી એ આશા રાખી રહ્યા છે.

સ્ટેચ્યુ ઓફ યુનિટીને લઈને નર્મદામાં BSNL દ્વારા 4G નેટવર્ક કરાયું શરૂ

નેટવર્ક સુધારતા ૫ હજાર થી વધુ કસ્ટમરો ખાનગી કંપની છોડી પૂનઃ BSNL માં જોડાયા ફોરલેન રોડ બનતા કોન્ટ્રાકટરની બેદરકારીથી કેબલો કાપી નાખતા ગ્રાહકો પરેશાન થયા હતા જેમાં BSNLને મોટી ખોટ સહન કરવી પડી હતી.

રાજપીપળા : દેશની સૌથી મોટી અને મોટું નેટવર્ક ધરાવતી ટેલિકોમ કંપની ભારત સંચાર નિગમ લિમિટેડ દ્વારા રાજયમાં પ્રથમવાર નર્મદાથી 4G નેટવર્ક શરૂ કરી દીધું છે અને જેની પાછળ સ્ટેચ્યુ ઓફ યુનિટી જોવા આવતા રાસીઓને ફાસ્ટ નેટવર્ક મળી રહે એ માટે હાલ રાજપીપળામાં શરૂ કરી દીધું છે અને કેવડીમાં પણ શરૂ કરવા કામગીરી શરૂ કરી દીધી છે રાજયનો પહેલો જિલ્લો નર્મદા એ BSNL 4G નેટવર્ક થી જોડાશે જેને લઈને ખાનગી કંપનીઓમાં પણ દોડધામ વધી ગઈ છે. ત્યારે 4G નેટવર્ક મળતા રાજપીપળા સહિતના આજુબાજુ ના ગામોના ગ્રાહકો કે જેમેણે BSNL છોડી અન્ય ખાનગી કંપનીમાં જતા રહ્યા હતા એ હવે પુનઃ BSNL માં જોડાઈ રહ્યા છે. જેથી BSNL દ્વારા 4G કાર્ડ અપગ્રેડ કરીને ફ્રી માં આપવાની શરૂઆત પણ કરી દીધી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર જયારે ફોરલેન રોડ બનતા હતા ત્યારે BSNL ના કેબલો કપાઈ જતા હતા જેમાં નેટવર્ક બે થી ત્રણ દિવસ માટે ખોરવાઈ જતું હતું જેને લઈને ગ્રાહકો ત્રાહિમામ પોકારી ઉઠ્યા હતા અને કંટાળીને અન્ય ખાનગી ટેલિકોમ કંપની માં પોર્ટલ કરાવી જતા રહેતા હતા. જેમાં નર્મદા જિલ્લામાં હજારો ગ્રાહકો છોડી જતા BSNL ને ઘણી ખોટ ભોગવવી પડી હતી. જોકે અન્ય કંપનીઓની સામે સસ્તી 4G સેવા શરૂ કરતા આ તમામ ગ્રાહકો હવે ફરી BSNL માં પરત ફરી રહ્યા છે. જે ખુશી સાથે BSNL દ્વારા સિમકાર્ડને અપગ્રેડ કરી 4G સીમકાર્ડ ફ્રીમાં ગ્રાહકોને અપાતા ગ્રાહકો મોટી સંખ્યમાં જોડાઈ રહ્યા છે.

MARKET 4U™
સર્વિસ પ્રોવાઇડર નીમવાના છે
MARKET4U (રજી.) કંપનીને પોતાના જાહેરાત, મેરેજ, લગ્ન www.connectindians.inના ઓન-લાઈન પ્લેટફોર્મની સેવાઓ માટે ગુજરાતના તમામ જિલ્લા, શહેર અને તાલુકા લેવલે જરૂરિયાત મુજબ મૂડી રોકાણ (રૂપિયા ૫૫૦૦/- કે તેના ગુણાંકમાં) કરી ગ્રાહકોને સેવા આપી શકે તેવા સર્વિસ પ્રોવાઈડર તાત્કાલિક વહેલા તે પહેલાના ધોરણે નીમવાના છે. ઈચ્છા ધરાવતા વ્યક્તિઓ સંપર્ક કરે. (નફાનું ધોરણ રોકાણ અને વેચાણ મુજબ ૧૦% થી ૧૮% રહેશે. કંપની જાહેરાત પોતે કરી આપશે.)
7575006847 Whats-App
7575006848 Time 10 am
7575006850 to 5 pm

CONNECTINDIANS MARKET4U
ખુશખબર... ખુશખબર... ખુશખબર...
શું આપ બેરોજગાર છો ?
શું આપ નોકરી બદલવા માગો છો ?
શું આપના લગ્ન બાકી છે ?
તો આપને માટે MARKET4U લાવ્યું છે એક નવું
ઓનલાઇન જોબ/ મેરેજ પ્લેટફોર્મ
માત્ર રૂપિયા ૫૫૦/-
www.connectindians.in માં આપનું રજીસ્ટ્રેશન કરાવો અને ૫ વર્ષ સુધી ફ્રી વેબસાઈટ વાપરો.
જો વધુ કમાવુ હોય તો અન્ય મિત્રોને સમજાવી આપની સાથે જોડો અને વધારાના હજારો કમાઓ.
7575006847

MARKET 4U™
આપની જાહેરાત (Advertisement) અમારા (Market4u)ના વેબ પોર્ટલ પર મૂકાવો
માત્ર રૂપિયા ૬૦૦૦/- માં ત્રણ વર્ષ સુધી
સાથે વાપરો લગ્ન અને જોબના પોર્ટલ પણ ત્રણ વર્ષ તદ્દન ફ્રી
ગીફ્ટમાં મેળવો વાહન ટ્રેકિંગ સિસ્ટમ (GPS) મફત. (એક વર્ષ સુધી)
ઉપરાંત અન્યને જોડી ૧૨ લેવલનું એમએલએમ જોઇનીંગ ફ્રી કરી અટળક કમાઓ.
ધનંજય ઝવેરી વિગત જાણવા તાત્કાલિક સંપર્ક કરો
Mo. 7575006847